॥ श्रीमते रामानुजायनमः ॥

આ. પદ, આ પદ ટાળશે, મળશે પ્રભુ પદ ખાસ.
વદો વૈષ્ણવો વહાલથિ, કહે છે મુકુંદદાસ.


लक्ष्मीनाथाय समारंभां । नाथयामुन मध्यमाम् ॥
अस्मदाचार्य पर्यन्ताम् । वंदे गुरुपरंपरां ॥

જ્ઞાન અને વૈરાગ્ય વળિ પ્રેમ રસે ભરપૂર:
સ્વામી શ્રી રઘુનાથકૃત વાંચો કાવ્ય જરૂર.









પ્રભુ પ્રેરણાથી પ્રકાશક. હરખપુર શ્રી આવાબાળાગ્રાહિમસ્થાન (વડીયા) જેતપુર.

શ્રી રઘુનાથાચાર્ય સ્વામીજીકૃત કાવ્યસંગ્રહ.

અમદાવાદ.—શ્રી સત્યવિજય પ્રિંટીંગ પ્રેસમાં- શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું.

સંવત ૧૯૭૫
કાર્તિક શુદ ૧
ને, ચન્દ્રવાર

આવૃત્તિ (૧) લી.
પ્રત—૫૦૦—
(દોહરો.)
શ્રીવર ચરણે સમરપિ,
પુસ્તક કર્યું પ્રસાદ.
વૈષ્ણવજનને વ્હાલથી
અરપું પ્રિતી સાથ;



મુકુંદદાસનિ મારફત, છપાવ્યું છે, કરિ શુદ્ધિ;
દોષ ભુલ કોય હોય તો, સુધારશો સ્વબુદ્ધિ.

સદ્ગુરૂ શ્રીકૃતકાવ્ય આ મધુર મનોહર મીઠ,
આપનારા મહાદેવે, પ્રગટ કર્યું છે હેત.

કીમત અમુલ્ય છે.

ધર્મના જીજ્ઞાસુઓ માટે [illegible]

સંસારિનો સંસાર: સંન્યાસિનો સન્યાસ; યોગીનો યોગ; ભક્તની ભક્તી; શ્રીમંતની શ્રીમંતાય અને ગરિબની ગરિબાય દીપાવનાર તથા સર્વે સંપ્રદાયવાળાને સમ્મત; સદ્‌ગતિ દેનારૂં અને સરતી કીમતનું સર્વ મનુષ્ય માત્રનું કલ્યાણ કરનાર કલ્પતરૂ મગાવો; અહો ! એવું શું છે ! 'શ્રીમત્ સંતોષ સુરતરૂ' છે; નોછાવર ફક્ત એ આના ને તે પણ ધર્માદામાં જવાના છે. (હરિગીત છંદ.)


નિર્વાણ પદનો પંથ છે, સંતોષ સુરતરૂ ગ્રંથ એ;
ભક્તી તણું ભુષણ મહા, સંતોષ સુરતરૂ ગ્રંથ એ. ૧
સંતો તણો શણગાર છે, સંતોષ સુરતરૂ ગ્રંથ એ;
મુક્તીનું મોટું દ્વાર છે, સંતોષ સુરતરૂ ગ્રંથ એ. ૨
સંતોષથિ દોષો બધા, બળિભસ્મ ઝટ થઈ જાય છે;
સંતોષથિ સંકટ મટિને, સુખ સર્વ થાય છે. ૩
સંતોષથિ આવાગમન, સંસારમાં મટિ જાય છે;
સંતોષથિ સિદ્ધિ સરવ, દાસી ચરણની થાય છે. ૪
સર્વ સુખોનું મુળ મુખ્ય, તપાસતાં સંતોષ છે:
સર્વ દુખો નિર્મુળ, કરનારો સદા સંતોષ છે. ૫
સહુ કાર્યની અવધી તણો, છેડો સદા સંતોષ છે;
સહુના મનોરથ પુર્ણ, કરનારો સદા સંતોષ છે. ૬
સંતોષિ નર સુખિયા સદા, એ કેહેણિએ કહેવાય છે:
સંતોષિ શાહનો શાહ, એવું શાસ્ત્રમાંહે ગવાય છે. ૭
સંતોષથિ સ્વતંત્ર રહિને, સર્વમાં વિચરાય છે:
મુકુંદ કહે મુમુક્ષનું ધન, ગ્રંથ એ કહેવાય છે. ૮

॥ श्रीमते रामानुजायनमः ॥

આ. પદ, આ પદ ટાળશે, મળશે પ્રભુ પદ આસ.
વદો વૈષ્ણવો વહાલથિ, કહે છે મુકુંદદાસ.

लक्ष्मीनाथसमारंभां ।
नाथयामुनमध्यमाम् ॥
अस्मदाचार्यपर्यन्ताम् ।
वंदे गुरुपरंपराम् ॥





શ્રી રઘુનાથાચાર્ય સ્વામીજીકૃત કાવ્યસંગ્રહ.

[illegible] શ્રી બાવાવાળાસાહેબ અસ્થાન (વડીયા) સ્ટેટપુર.

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રિં. પ્રેસમાં—શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું.



સંવત-૧૯૭૫
કાર્તિક શુદ ૧
ને, ચંદ્રવાર



હીંદીને ગુર્જર ગીરા, મધુર રસીક પદ માંય;
વિચારીનેં વાંચ્યા પછી, મનથી નહિં મુકાય.

જ્ઞાન અને વૈરાગ્ય વળિ પ્રેમ રસે ભરપુર;
સ્વામી શ્રી રઘુનાથકૃત વાંચો કાવ્ય જરૂર.

આવૃતિ (૧) લી.
પ્રત-૫૦૦-

(દોહરા)
શ્રીવર ચરણે સમરપિ,
પુસ્તક કર્યું પ્રસાદ.
વૈશ્નવજનને વ્હાલથી
અરપું પ્રિતી સાથ;
મુકુંદદાસનિ મારફત, છપાવ્યું છે, કરિ શુદ્ધિ;
તોય ભુલ કોય હોય તો, સુધારશો સ્વબુદ્ધિ.




સદગુરૂ શ્રીકૃતકાવ્ય આ મધુર મનોહર મીષ;
આવાવાળા બ્હાદુરે, પ્રગટ કર્યું છે ઈષ.

કીમત અમુલ્ય છે.

श्रीमते रामानुजायनमः

गरुडजी चक्र तिलक शंख म्हारुति



अर्पण पत्रिका.

मनहर छंद.

अनंत प्रसादजीके पुरे प्यारे अनुयाय,
मेरे गुरुभाय स्वामीजीके खास दास है;
वडीया नरेश वेंकटेश के हैं भक्तराज,
कीये ब्होत ब्होत छोटे बडे भले काज है.
दोलत वाले वो नाहि धन्य धन वाले वोहि,
धर्म कार्यमें हजारो रुपिया लगाये है;
छपवाये ग्रंथ ब्होत पवित्र प्रिती के साथ,
बावावाळा ब्हादुर ने हाथ न सुकुचे है.
दीलके बडे उदार स्वामी के पदमें प्यार,
वाकों कंठ करने केलीये ये तैयार है.

श्रीखरारिपुर (खुरासा)
ता. २०-२-१९१८.

ली.-आपका शुभेच्छक.
श्री वेंकटेश्वरके अर्चक.
मुकुंद रामानुजदास.

जो धर्म कार्य में खर्चे, वो, धन;
और, दुष्कृतमें सर्वे, सो, दो,लत्त, ऐसा अर्थ है;

શ્રીમતે રામાનુજાય નમઃ

પ્રસ્તાવના.

ખોરાસાનિ ખરિ હકીકત.

જંગલમાં મંગલ.

આ. ખોરાસા (ડુંક્રે) (શ્રીખરારિપુર) નામે ગામ કાઠીયાવાડ જીલ્લામાં સોરઠ પ્રાંતમાં જુનાગઢ ષ્ટેટ નિચે વણથલી તાલુકે લુશાળા સ્ટેશનને લગતું છે ને તે પુરાતન પ્રતાપિ પવિત્ર ભુમિ હોય એમ અનુમાનથિ સિદ્ધ થાય છે તેમાં મુળ હકિકત એવિ છેકે શ્રી નરસિંહ મહેતા જુનાગઢમાં રહેતા ને પર્વત મહેતા માંગરોળમાં રહેતા તે એક વખત નરસિંહ મહેતા અને પર્વત મ્હેતા જુનાગઢથી માંગરોળ આવતાં મારગમાં સાંજ પડી ગઈ ને માર્ગ ભુલ્યા તે લુશાળા ગામ પાસેથિ કાંઈક દક્ષિણ દીશા તરફ તો ખરા પણ સેહેજ પુર્વ તરફ ચાલ્યા ત્યાં પર્વત મહેતાયે કહ્યું કે આપણે રસ્તો ભુલ્યા છીયે ને તમે રાધેસ્યામ રાધેસ્યામ કર્તા ક્યાં ચાલ્યા જાવછો, ત્યારે નરસિંહ મ્હેતા કહે 'ભજનમાં ન ભંગ પાડ,જો પણે જણાય ઝાડ'એમ કહી ચાલવા લાગ્યા ત્યા લુશાળાથી બે માઇલ આવ્યા ત્યાં ગામ હતું નહીં જંગલ હતું પરંતુ પોતાના ભક્તનું વચન સત્ય કરવા,ને-સંકટ હરવા શ્રીહરિએ આહિરનો નેસ પ્રગટ કરિને નરસિંહ મ્હેતાનું સન્માન કર્યું તે હકિકત પર્વત આખ્યાનમાં આવે છે, તે પછી પ્રભાતે પર્વત મ્હેતાયે ત્યાંથી ચાલ્યા બાદ નરસીમેતાના કહેવાથી પાછું વાળી જોયું તો ત્યાં ચોખું જંગલ જોયું ને આશ્ચર્ય પામ્યા નરસીમેતા કહે જે શ્રીદ્વારકાંનાથજીનાં દર્શને હું

જાઉંછું એજ દેવાધીદેવ દાસના વિશ્વાસથી ત્યાં પ્રગટિ આનંદથી રાત્રીએ નેસવસાવિ અત્યારે અંતર્ધ્યાન થઈ ગયા, ત્યારથી પર્વત મ્હેતા આસ્તીક થયા દ્વારકાંધીશને ચહ્યા ને નિજસ્થાને ગ્રહ્યા, તે વિક્રમ સંવત પંદરસોને એકની સાલમાં માર્ગશિર્ષ સુદ છઠને બુધવારે સવારમાં પાંચ બજે પ્રભુ પ્રગટ માંગરોળમાં ગોમતિ વાવમાં થયા, તે અર્ચા રૂપે હજી રણછોડજી મંદીરમાં નાગરવાડમાં જુનાગઢમાં બીરાજે છે, એજ શ્રી દ્વારકેશ જ્યાં આહિરનો, નેસ, વસાવીને નરસીમ્હેતાનું સન્માન કરિને અંતર્ધ્યાન થે ગયા હતા એજ જગ્યાયે પાછા કલીના જીવોનું કલ્યાણ કરવા શ્રીવેંકટેશ રૂપે વસીને આજે પણ એજ આહિરનું ખોરાસું ખાસું બનાવીને સર્વનું સન્માન કરિ રહ્યા છે, ને તે શ્રી માન રઘુનાથાચાર્ય સ્વામીજીએ ત્યાં પ્રગટાવ્યાં છે, તે વિશે વધુ જાણવા પાછળ પુઠાની અંદરનું છેલ્લું પદ વાંચીને જાણો ને પછી ઉત્સવોમાં આવીને માણો ને પછી ઘેરજ જઈને વખાણો.

હવે, દરેક વાંચનારને નમ્ર, વિનંતિ કે, આપને આ પુસ્તક મળે કે તુરત આ પુસ્તકની, છેવટમાં, શુદ્ધિ પત્રક આપ્યું છે તેમાં હોય તે જોઇને દરેક ઠેકાણે જે ભુલ હોય તે સુધારિને લખિ લેવા કૃપા કરશોજી.

અને આ પુસ્તક દિવ્ય આલવારનિ વાણીમય મુર્તિરૂપ છે, વાસ્તે આને આસન સિવાય નીચે મુકવું નહિં, ને આની પહોંચ તુરત અમોને આ સિર્નામે લખવા ભુલવું નહિં.

ખોરાસા-સ્ટેટ લુશાળા થઈ-શ્રી વેંકટેશ મંદિર, પુજારિ.

લી○— શ્રી વૈષ્ણવ વિપ્ર, મેઘજી લાલજી (ઉર્ફે)

દાસાનુદાસ મુકુંદ રામાનુજદાસના સવિનય સર્વને સાષ્ટાંગ.

અનુક્રમણિકા.

श्रीमते रामानुजाय नमः

શ્રી રઘુનાથાચાર્યસ્વામીજી કૃત કાવ્ય સંગ્રહ.

(પદ-૧-લું-રાગ-ધનાશ્રી.)

(મંગળા ચરણ.)

રામાનુજ શ્રીનામ ભજોરે મન, રામાનુજ શ્રીનામ,—ટેક.

આશ્રીત જનના કલ્પવૃક્ષનીધી, શ્રીપતિશયન સુખધામ.—ભજોરે મન. ૧
જગદાધાર શેષ લક્ષ્મણ મુની આશ્રીત પુરણકામ. — ભજોરે મન. ૨
રઘુપતિ પ્રાણ સમાન સર્વસુખ, વનમાંગ વિશ્રામ. —ભજોરે મન. ૩
માતા ભર્તા બંન્ધૂ શ્રીરઘુવર અન્યસુખો છે તમામ.—ભજોરે મન. ૪
રઘુનાથ યતિરાજ વસો, ઉર વસું ભુતપુર ગ્રામ. —ભજોરે મન. ૫

(પદ-૨-જું-રાગ-ઉપર પ્રમાણે)

આપવિનાં અભિલાષ સર્વની આપ વિનાં અભિલાષ—ટેક.

જો આશાથી મુક્ત થયો હતતો કેમ વિષય પ્રયાસ. —પ્રભુજી: ૧
ખાવા, પીવા, સુણવા, જોવા; અડવાની ઘણી આશ. —પ્રભુજી. ૨
સુખ અમૃતમાં સુખો રહીને, મૃગ તૃષ્ણાની પીપાશ. —પ્રભુજી. ૩
વિષયો વીષ સમહો તજો મ્હારે, દેખત ત્રાસત નાસ. —પ્રભુજી. ૪
કહેવું સુણવું કરવું નહિં પણ હૃદય નહિં વિશ્વાસ. —પ્રભુજી. ૫
જો આશા એક હોત આપની, તો કેમ ભવમાં વાસ. —પ્રભુજી. ૬
કરણી રહેણી જોઈ અમારી, મુખથી રહોછો ઉદાસ. —પ્રભુજી. ૭
વત્સલતાથી હૃદય વસોછો, કુમતિ મને ન પ્રકાશ. —પ્રભુજી. ૮
તોડું છોડું પણ છુટે નહીં, પ્રબલ કર્મનો પાસ. —પ્રભુજી. ૯

અવિદ્યાહારક નીજ જન તારક શરણુ અહું શ્રી નિવાસ.—પ્રભુજી. ૧૦
રઘુનાથની અવળી રહેણી ચાહત થાવા દાસ. —પ્રભુજી. ૧૧

(પદ–૩ જું–રાગ–એજ.)

શું કહું વારંવાર મલીન મન શું કહું વારંવાર.–ટેક.
તારા મનની અવળી તૃષ્ણા નાવ્યો તેનો પાર. —મલીન મન. ૧
માત, પીતા, બંધવ, વેંકટવર આશ્રીત સુખ ભંડાર.—મલીન મન. ૨
મને દુઃખ દેવા ક્યાથી તું આવ્યું, હવે ડરૂં કરૂં નહિ પ્યાર.—મલીન મન.૩
વેંકટવર છે સર્વ સુગંધી ત્યજ દુર્વાસ વિચાર. —મલીન મન. ૪
કાલ અનાદી વિમુખ સંગવા ખોયો લાભ ગમાર.—મલીન મન. ૫
ભક્ત જનોના નીધિ વેંકટવર ભવ ઔષધ ભંડાર.—મલીન મન. ૬
ખોટ બધી છે તારા મનની નંજે નહિ કૃપા કુપાર.—મલીન મન. ૭
વૈકુંઠ જનનો સંગતજીને આલીનપુરમા વિહાર. —મલીન મન. ૮
ત્યાગ ઘટે નહીં તેને ત્યાગ્યા તું ન તજે આ સંસાર, —મલીનમન. ૯
આશ્રીત જનના કલ્પવૃક્ષ નીધિ વત્સલતા છે અપાર;—મલીનમન. ૧૦
દાસ રઘુનાથ સુખ સાગરમા બુડો પારાવાર. —મલીન મન. ૧૧

(પદ.–૪–થું.–રાગ–કાફી.)

(પ્રભુજી મારા અપરાધ ક્ષમા કરો રે,–એ ઢબ.)

ક્ષમા માગું ક્ષમા માગું રે,
મરવા દયો મને ક્ષમા માગું ક્ષમા માગું રે;
જરૂર કરવાનું કામ તેમાં કોઇ ન દયે કાન,
એજ મારૂં તો છે ધ્યાનરે, મરવા દ્યો મને. ક્ષમા માગું ક્ષમા માગું રે.૧
ધર્મરૂપી દેહ એક પ્રભુને નીરખ્યા નહિં છેક,
નિષ્ફલ થયો વિવેક રે... ... ... મરવા દ્યો મને. ૨
જગના જીવન ન જાણી પ્રીતી શું મેં દેહે આણી,

તે મારા મોતની નીશાની રે. ...મરવા ઘો મને.
પ્રભુ મારા પ્રાણનાથ તે વિનાનો હું અનાથ,
સુખ મારૂં તેની સાથે રે. ... ...મરવા ઘો મને. ૪
જે આધારે જગત્ બધું, હાલે ચાલે સૌ છે, સીધું,
તે જોયા વિણ શું મેં કીધું રે. ... ...મરવા ઘો મને. ૫
આદીને અંતમાં એજ સુખ છે, સહુ એના તેજ,
તે વિણ મરવું તે એજ રે. ...મરવા ઘો મને. ૬
આનંદ રૂપ છે ધન વેદના પુરણ ધન,
તે વિણ દુઃખા છે મન રે. ... ...મરવા ઘો મને. ૭
સ્વામીના સ્પર્શનું સુખ ધ્રુવને મળ્યું ગયું દુઃખ,
ગાત્રની ભાગે તયે ભુખરે ... ...મરવા ઘો મને. ૮
જેની શ્રી ચરણ રજો ઇચ્છે છે શીવાદી અજ,
શીલાને તારી છે સ્હેજ રે ... ...મરવા ઘો મને. ૯
ગુરૂની અમૃત વાણી ભોગ્ય અમી પ્રભુ જાણી,
માન વીણ પુરી હાણી રે. ... ...મરવા ઘો મને. ૧૦
રઘુનાથના છો બાપ બાલને ન તરછોડો આપ,
મળ્યા વિણ પુરો શાપ રે. ... ...મરવા ઘો મને. ૧૧

(પદ.-૫-મું.-રાગ-એજ.)

નીરખવા નંદકુમાર નેણ મારાં તલખે નીરખવા નંદકુમાર-ટેક.
કેવા તો ઉપાયો કરીએ કેવા તો વેષોને ધરીએ,
ક્યાં ક્યા તો દેશોમા ફરીએ રે. ... ...નેણ મારાં તલખે. ૧
ઉત્તમ જન્મોને ધરીઆ શાસ્ત્રો પણ ભણાવ્યા ભણીઆ,
તોપણ ક્યાંય નટવર ન મળીઆરે.... ...નેણ મારાં તલખે. ૨
સર્વના ઉત્તમ બંન્ધુ છે ઘણા કૃપાના સિંધુ,

વ્યાપ્તીની ગોતું સુગંધુ રે. ... ...નેણુ મારાં તલખે. ૩
બંસીને અધરમાં ધારી સંગે ગોપી જનો પ્યારી,
નટવર વેષે છે, મોરારીરે નેણુ મારાં.... ... ...તલખે. ૪
બાલ્યમા તો પ્રીતિ જોડી ઘેરે આવતા દોડી દોડી,
માખણુ જમતા ફોડી ગોળીરે, નેણુ મારા. ... ...તલખે. ૫
યશોદાના પ્રાણુલાલ નંદજીના પ્રાણુબાલ,
સાથે છે ગ્વાલોના પાલરે, નેણુમારાં.... ... ...તલખે. ૬
અમૃતના સરોવર સ્યામ આશ્રીતોના પુરણુ કામ;
સર્વેનું રહેવાનું ધામરે, નેણુમારા. ... ...તલખે. ૭
મુક્તિ દાધી રઘુનાથે, ચરાચરને ઝાલી હાથે;
શીશુપાલ લીધો સાથેરે, નેણુ મારા. ... ...તલખે. ૮

(પદ–૬–ઠું–રાગ–એજ.)

ગુરૂ ભજ ગુરૂભજેરે અજ્ઞાની મન ગુરૂ ભજ ગુરૂ ભજરે;–ટેક.
ગુરૂ છે ભવતારનાર, સ્હેજે ત્રુટે ત્રય તાપ;
પ્રભુ કૃપા મળ્યો લ્હાવરે. ... ...અજ્ઞાની૦ ૧
અજ્ઞાન સમો છોડાવી સમજુ કીધાં શરણે લાવી;
ભમતાંતાં ભવમાં તો ભાગીરે. ... ...અજ્ઞાની૦ ૨
ઇશ્વિર જીવ સદા સાથે નથી જોયા કદી નાથે;
ગુરૂએ ભેટાવ્યાં હાથેરે, ...અજ્ઞાની૦ ૩
ઇશ્વર પાડે ગુરૂ નામ જોઇ તેનાં રૂડાં કામ;
એવા ગુરૂ ન ઠામો ઠામરે, ...અજ્ઞાની૦ ૪
અજ્ઞાન અંધારૂં ટાળે, શુદ્ધ હ્રદે પ્રભુ ધારે.
પળમાં ભક્તિમાં તો વાળેરે, ...અજ્ઞાની૦ ૫

જ્ઞાનદ ગુરૂને ત્યાગી હઠથી કરે સમાધી, એવા પણ શિષ્યોઅભાગીરે અ૦ ૬
જાણ પુરા પર બ્રહ્મ ઉત્તમ સમાધી મળ્યું સાધન.
શીષ્યોને સાચું છે ધનરે. ... ...અજ્ઞાની મન૦ ૬
ગુરૂ શરણે મનથાજે રઘુનાથ મારે કાજે;
ગુરૂ ગુણ ગંગામાં નાજેરે; ... ...અજ્ઞાની મન૦ ૭

(પદ–૭–રાગ–એજ)

કૃપા કરો કૃપા કરોરે ક્ષમા હું માગું,કૃપા કરો કૃપા કરોરે–ટેક
બ્રહ્માના કલ્પોમાં ભોગ્યાં ખુટે નહિં અઘ કીધાં તેવા,
વીરામું છોડાવો હેવારે, ક્ષમા હું માગું. .. કૃપા. ૧
બ્રહ્માના જે કોટી કલ્પ, પાપ ભોગ્યે ન થાય સ્વલ્પ;
તમેં કીધાં ક્ષણે અ૯પરે, ક્ષમા હું માગું. ... કૃપા. ૨
આપના ઉપકારો જોઉ સ્મરી સ્મરી ઘણો રોઉ,
સેવા વિણ સમો ખોઉરે, ક્ષમા હું માગું. ... કૃપા. ૩
અનાદી વિજોગ વ્હાલા આ જન્મો કેમ જાશે ઠાલા;
એવું માં કરશો કૃપાળારે, ક્ષમા હું માગું. ... કૃપા. ૪
ત્યાગોજો દોષોને જોઇ શરણ બીજું ન કોઇ
દોડી આવું પાછો રોઇરે. ક્ષમા હું માગું. ... કૃપા. ૫
ધણી આપ છતાં લુટે કામાદિ છુટયા ન છુટે,
તૃષ્ણાઓ કાઢી ન ખુટેરે. ક્ષમા હું માગું. ... કૃપા. ૬
રક્ષા કરી રઘુનાથે જયંત જેવાને માથે,
શીશુપાલ લીધો સાથેરે. ક્ષમા હું માગું. ... કૃપા. ૭

(પદ–૮–મું.—રાગ–આશાગોડી.)

મનની ઉદાસી મટાડો વેંકટવર મનની ઉદાસી મટાડો,—ટેક.
હું છઉં દાસ તમારો, વેંકટવર મનની ઉદાસી મટાડો.

આપના મનનું કોઈ ન થાતાં, મુખ મ્લાની શું વિચારો. વેંકટવર. ૧
સકલ પ્રકારી સર્વ વિધ બન્ધુ, જાણીએ તેમાં સુધારો. વેંકટવર. ૨
પરમ ઉદાસી સ્થીર થઈ ઉભા, સ્હેજ ક્ષણ ચરણે વિહારો. વેંકટવર. ૩
આપની વ્હાલપ જાણુ ન અમને, ટગ ટગ નેણે નિહારો. વેંકટવર. ૪
આપની મહીમા જ્ઞાનથી બેરાં, દુઃખ દઈ વારંવારો. વેંકટવર. ૫
છોરૂ કછોરૂ રહે સદાથી, ત્યાગથી ક્યાં તેનો આરો. વેંકટવર. ૬
દ્રુપદ સુતનાં કાજ સુધાર્યાં, તોપણ હૃદયને જારો. વેંકટવર. ૭
ભરત વિયોગનું દુઃખ છે વ્હાલા, વારંવાર સંભારો. વેંકટવર. ૮
આપનું શ્રીમુખ વીકશીત જોવા, ઇચ્છે રઘુનાથ તમારો. વેંકટવર. ૯

(પદ–૯–મું.—રાગે–ધીરાના પદનો)

(વ્હાલા વેગે આવોરે- એ–ઢબ.)

સુખ સાગરને મુકીરે, દુઃખ સાગરમાં બુડતારેજી;—ટેક.
વ્હાલો મારો લેઇ, સૌએની સંભાળ. .. સુખ સાગરને મુકીરે. ૧
(સા૦) હતાં માતાના ગર્ભમાં, નજરૂં રાખે નાથ;
અનેક ભોગને ભોગતાં, તોપણ સાથો સાથ.
વત્સલતાયું દેખોરે, દુધ દીધાં ચામમારેજી વ્હાલો મારો. ૨
(સા૦) છોરૂ કછોરૂ થયું, પણ મુકે નહિં તેની માત;
પડખામાં પોઢી રહી, માથે મુકી હાથ.
અંતર્યામી તેવારે પ્રીતે, રદયે પોઢીયારેજી. .. વ્હાલો મારો. ૩
(સા૦) નાથ સાથે નાતો ઘણો, ભુલ્યા જન્મ અપાર;
મંત્રને માતા કરી, પીતા ગુરૂ ભવતાર. ૦
કન્યા સોંપી હાથેરે, પ્રભુપતિ ભેટવ્યારેજી. ... વ્હાલો મારો. ૪
(સા૦) ગુરૂએ કામો જે કર્યાં, જો કરૂં હૃદયે વિચાર;

દેશ વસું ગુરૂદેવનો, ના કરૂં અન્ય પ્રચાર.
પુરો મનની આસ્યુંરે, ચરણ રજ લોટવારેજી..... વ્હાલો મારો. ૫
(સા૦) ગુરૂ નામ તે મંત્ર છે, ગુરૂ દેહનીજ ધ્યાન;
ગુરૂ ચરણ સેવું સદા, મુક્તિ કૃપાથી માન.
આવા ગુરૂને ભેટયારે, કૃપા પ્રભુયે કરીરેજી,.........વ્હાલો મારો ૬
(સા૦) સાચું ધન ગુરૂદેવ, પણ મુંઢ મને નહિં જ્ઞાન;
અજ્ઞાને ઉંધા પડયાં, શું આવે હવે કામ.
તોપણ વ્હાલે દીધારે પાછળથી પસ્તાપણારેજી. વ્હાલો......મારો. ૭
(સા૦) ગુરૂએ ધન દીધું ઘણું વીણ હેતુ ઉપકાર,
બદલો તેનો શું કહું રધ્યે લાભ અપાર.
પુરણતો સંતોપીરે પ્રભુજીએ મેળાવ્યરેજી...... ...વ્હાલો મારો. ૮
(સા૦) અજ્ઞાને ગુરૂન ઓળખ્યા અલ્પ થયો સહવાસ,
જમતાં ધાડાં આવીયાં છુટયો મુખથી ગ્રાસ.
ભાવીએ ભરમાવ્યારે મળું કયારે નાથનેરેજી.......વ્હાલો મારો. ૯
(સા૦) લોક પરલોક આશા તજું ગ્રહું ચરણ રજ વાસ,
નીત્ય મુકતનાં એજ સુખ પુરો મનની આશ.
વેંકટવરની પાસેરે અરજી રઘુનાથની રેજી, ...વ્હાલો મારો. ૧૦

(પદ ૧૦ મું રાગ એજ)

ભાગ્યહીન નહિં જાગ્યારે, દુખડા ક્યાં જઇ દાખી એરેજી,–ટેક.
કલ્પે કલ્પે લીધા પ્રભુએ અવતાર............ભાગહીત નહિં. ૧
(સા૦) પ્રભુ પ્રભુ તું શુ કરે પ્રભુની કૃપા અપાર,
કૌશલપુરનાં જીવજડ કીધાં વીરજાપાર.
ભદરાહણુમાં ભુલ્યારે. પંડીતાઈ શું કામનીરેજી.......કલ્પે કલ્પે. ૨

(સા૦) મુક્તિ ચરાચર જીવની ઝાલી કીધી હાથ,
જાત ભાત જાણી નહિં લીધા સૌને સાથ.
આવા પ્રભુને મુકીરે મુવાં અમે કયા કશુંરેજી......કલ્પે કલ્પે. ૩
(સા૦) ગજનાં દુઃખને ટાળવા પ્યાદા પહોંચ્યા નાથ,
પીતાંબરના પાટા કર્યાં ઓસડ વાટયાં હાથ.
તે વખતું પણ વીત્યુંરે નીરખ્યા નહિ નાથનેરેજી....કલ્પે કલ્પે. ૪
ગોપી વસ્તુ ગોતવા ગુપ્ત પધાર્યા આપ,
(સા૦) જગત જીવન ગોપી જનુનાં પરવશ કીધાં ગાત.
સુખડાં સૌને દીધારે શુદ્ધ બુદ્ધ ભુલીયાંરેજી....કલ્પે કલ્પે. ૫
(સા૦) માન કરી મોંઘા થયા મુરખ અમે અજાણ
હાથે હીરો લાધીઓ ખોયો વિણ પેચાણ.
વ્હાલા ક્યારે મળશોરે. ધીરજ લજ્જા હારી યારેજી... કલ્પે કલ્પે ૬
(સા૦) ઓધવ વ્હાલાને ભેટવો ક્ષણ પણ રહ્યું ન જાય,
પ્રીતું કરી પરવશ કર્યા માગ્યું મોતન થાય.
વ્હાલા વ્હાલા કરીયેરે સુખડાં ક્યાં જઈ ભાળીએરેજી....કલ્પે કલ્પે. ૭
(સા૦) કુળની લાજ્જા લોવપી રાખ્યાં નહિં કોઇ હાથ,
રોતા રણવગડે તજ્યાં મરિએં કરીને ઘાત.
તનડું મારૂં તરસ્યુંરે મળવા મારા નાથને રેજી......કલ્પે કલ્પે. ૮
(સા૦) કૃપા પોતાની વાપરી ગુરૂ થઈ દીધાં જ્ઞાન,
કૃપા કૃપા પુરી કરો નેણે કરૂં સુખપાન.
ઘોડીને સ્વીકારોરે રઘુનાથ દાસનેરેજી............કલ્પે કલ્પે. ૯

(પદ ૧૧-મું.-રાગ-એજ.)

શ્યામ મણી ક્યાં મુકીરે, આવ્યા તમે એકલારેજી.—ટેક.
જશોદા અમ્માં પુછેછે, વારંવાર નીલમણી ક્યાં મુકીરે૦

(સા૦) વાટ જોતી મથુરાં ભણી, દોડી વારંવાર;
ઘરકું સુનું નવ ગમે, જોઉં ક્યાં પ્રાણ આધાર.
સ્યામને દેખાડોરે જોયા વિના આંધળીરેજી.—જશોદા અમ્માં ૧.

(સા૦) ક્ષણ ગોવિંદ નીરખ્યા વિના નેણ અંધારાં થાય
ઘડીપણ અળગી નવ રહું આ દુખ કેમ સહાય;
આ ઘડીએ લઇ ચાલોરે મળું મારા બાળનેરેજી.—જશોદા અમ્માં ૨.

(સા૦) ગળે મને વળગી રહે મુખથી મુખ નવ દુર,
પુર્ણ ચંદ્ર મુખ નીરખતાં સુખ અમૃત પરિપુર્ણ;
રાંકડી અભાગીરે થઇ ક્યાથી આવડીરેજી.—જશોદા અમ્માં ૩.

(સા૦) ગાયુના સ્તન સાંતીયા ધાવત રોક્યાં બાળ,
જલ પીતાં પશુ વાળીયા સુત વિજોગ આકાળ;
કેને તો જમાડુંરે રમતા કેને ગોતવારેજી.—જશોદા અમ્માં ૪.

(સા૦) આખું વ્રજ મેં ગોતીયું ઘર ઘર કરી પુકાર,
ગોવિંદ વત્સુ પાછળે દેખ્યા પ્રાણ આધાર;
તોપણ બોલ ન લાધ્યારે મળું ક્રોડી માથનેરેજી.—જશોદા અમ્મા ૫.

(સા૦) મા, મા, કરી વળગી રહી ગોપીજન સમુદાય,
પ્રેમ સીમ નહિં ગોપીનો કરે વિલાપ અસહાય;
વૃદ્ધ [illegible] નહિં ત્યાગોરે દયા રહી ક્યાં ગઇરેજી.—જશોદા અમ્મા ૬.

(સા૦) મોજન સ્વજન વિસર્યાં રોતાં ગોપી બાલ,
ગાયું સર્વે ભાભરે ગોતે વનના પાલ;
રો[illegible] નાં નરીગેરે ગોતે મથુરાં વાટમારેજી.—જશોદા અમ્મા ૭.

(સા૦) જમનાનું જલ ઉકળ્યું ગોવર્ધન ગળી જાય,
વૃંદાવન સુકી ગયું પ્રાણ વિના જેમ કાય;

પાપીને જીવાડયોરે રઘુનાથ દાસનેરેજી.— જશોદા અમ્મા ૮.

(પદ–૧૨–મું.–રાગ–એજ.)

જીવડલા તું જાજેરે મથુરાં પુરમાં ગોતવારેજી. ટેક.
પ્રાણ મારા ચાલુ ચાલુ હવે થાય. ... ...જીવડલા તું ૧.
(સા૦) સ્યામ સુંદર નજરે તરે પણ મનમાં દુઃખ અપાર,
ધીરજ રાખી નવ રહે એવાં કીધાં પ્યાર;
ઝાડખંડમા ગોત્યારે રોતાં મારા પ્રાણનેરેજી. ...પ્રાણ મારા ૪.
(સા૦) ભજે મને તેને ભજું એમ કહેતા વારંવાર,
વિશ્વાસે વળગી રહ્યાં દુઃખનો નાવ્યો પાર;
આપઘાતથી મરશુંરે મૃદુ મુખ જોયા વિનારેજી... ...પ્રાણ મારા ૩
(સા૦) વૃજનાં જન કેમ વિસર્યાં વ્હાલાં હતાં અપાર,
મુખ અમૃત પાયાં ઘણા હવે જીવતરમાં ધિઃકાર;
મોઢું જોઉંતો જીવુંરે નજરે મારા પ્રાણનુંરજી.... પ્રાણ મારા ૪.
(સા૦) જડે ત્યાથી તું લાવજે વ્રજના પ્રાણ આધાર;
વાટજોઇ ક્ષણ જીવશું મરવું તે નીરધાર
સુખડાં સરવે સળગોરે મુખડા તો દીઠા વીનારેજી......પ્રાણમારા. ૫
(સા૦) સખી સરવે ભેળી થઈ વિવ્હલતાઇ અપાર
ગોતે પ્રભુને કુંજવન હરિ હરિ નામ પુકાર
નટવર નેણે નીરખુંરે કેમ કરી ક્યા જશુંરેજી. ... ...પ્રાણમારા ૬
(સા૦) જમુનાં કાંઠો ગોતીયો ગોવર્ધન ગીરીરાય.
નીલમણી દીઠી નહિં પ્રહરિ છાતી ધરજાય
ઘરડામાં ન દીઠારે માખણ મહીના ચોરતા રેજી. ...પ્રાણમારા. ૭
(સા૦) કેમ કરૂં ક્યાં જાઇએ ધીરજ નહિં કોઈ ઠામ.

જશોદાને પુકારીયાં વ્હાલા ક્યાંછે શ્યામ.
નેણે ધારા વરસીરે છાતીએ લગાડીયાંરેજી.... ...પ્રાણમારા. ૮
(સા૦) માડી અમારાં મોતડાં ન જડયાં ગોત્યાં ક્યાંય
લાજ મુકી રડવાં પડયાં વીરહ વ્યાધિ વધિ જાય
અંત સમેતો મળજોરે રઘુનાથ દાસનેરેજી. ...પ્રાણમારા. ૯

(પદ-૧૩-મું.-રાગ-એજ.)

કેમ કરીને વીસરૂંરે સ્મૃતિ મારી શ્યામમાં રેજી.—ટેક.
વ્હાલે મારે કીધા ઘણારે ઉપકાર કેમ કરીને ભુલુંરે......સ્મૃતિ૦ ૧
(સા૦) દાવાનલથી ઉગારીયાં દુષ્ટ કાલીનો ત્રાસ
બક અઘાસુર મારીયાં કીધો કેશીનો નાસ
પુતનાને મારીરે બાલો સાથે ખેલવારેજી. ......વ્હાલા મારે ૨
(સા૦) સત્તાથી સંગે રહ્યા ગુરૂથી ગારવ જ્ઞાન
વધી ભક્તિ નીજ ચરણમાં અખંડ સોંપ્યા ધ્યાન
વ્હાલાથી પણ વ્હાલારે ભક્તજનોછે સદારેજી. વ્હાલે મારે. ૩
(સા૦) સ્વરૂપ જણાયું શાસ્ત્રથી શમ દમ ભક્તિ મુલ,
સર્વ જનો અનુકુળતા આવ્યું હું કૃતી શુળ,
ભાર બધો સરવેનોરે સહે પ્રભુજી સદારેજી, ...વ્હાલે મારે ૪
(સા૦) શું ગુણગાયે અલ્પમતી શેષ ન પાવે પાર
વેદવલ્લી સીમાચહે નેતી, નેતી, પુકાર;
આનંદરસમા બુડીરે વાણી સતી સર્વનીરેજી. .. વ્હાલે મારે. ૫
(સા૦) અષ્ટાક્ષર મહામંત્રથી નો વિ , સબંધ
ઉજ્જવલ સ્વરૂપ ઓળખ્યું થયાં રમાંપતિદાસ
મનનું નિશ્ચય કરજોરે વ્યર્થ જ્ઞાન તે વીનારેજી. ...વ્હાલે મારે. ૬
(સા૦) દયા ચહું દીન વત્સલા નકર્યા દયાનાં કામ

તોપણ બાપ કૃપા કરો રહું ચરણ રજ ધામ
નીજ વસ્તુ સ્વીકારોરે લાભ સ્વામીને સહીરેજી. ...વ્હલે મારે. ૭
(સા૦) દુઃખને દેખી દયા ચહું કરી પણ દયા અપાર;
દુઃખ વિયોગ એક આંપનો નર્ક સહુ સંસાર;
સંગ રહીને સેવારે સર્વ વીધ હું ચહુંરેજી. .. વ્હાલે મારે.૮
(સા૦) ગુરૂએ નાતો ઉઘાડીઓ છુપ્યો અનાદી કાલ,
ચરણ વંદું ગુરૂદેવના વીણ હેતુ ઉપકાર;
બદલો તેતો નાવેરે રઘુનાથ દાસથીરેજી. વ્હાલે મારે. ૯

(પદ-૧૪-મું.-રાગ-એજ.)

કેમ કરી ક્યાં જાઇએરે મુખડું જોવા શ્યામનુંરેજી, ટેક.

સજની મારી ત્યાગ્યાં વ્હાલે નીરાધાર કેમ, કરી ક્યાં૦ ૧
(સા૦) દોષ અક્રુરને શું દયે વાંક અમાર અભાગ્ય,
સ્પર્શિ પ્રાણ હરિ ગયા કરૂં જીવતર ત્યાગ;
ભાગ્યહીન તે જીવેરે મુખામૃત પીધા વીનારેજી. સજની૦ ૨
(સા૦) નીલમણીને નીરખવા વિરહ નેત્રને થાય,
બાહુ પસારૂં સ્પર્શવા પદ દોડે વનરાય;
ભક્ત પ્રાણ દેખાડોરે તુલસી વન વીનવુંરેજી. . સજની૦ ૩
(સા૦) અભાગી સભાગી ક્યાં થાઇએ દુઃખે દુખ્યા અસહાય,
વ્રજનાં જનને ત્યાગતાં મુખથી ન કરી સહાય,
તે વખતું પણ વિત્યુંરે વ્હાલાના વિયોગમારેજી. સજની૦ ૪
(સા૦) ધીક ધીક જીવતર આપણું ધીઃક આ સુખ સંસાર;
ધીક જીવતર નીરખ્યા વિના ધિક બીજામાં પ્યાર,

ગળાં ફાંસથી મળીએરે કેમ છોડયાં રાંકનેરેજી. સજની૦ ૫
(સા૦) માત, પીતા, પતિ, પુત્રનું, દુઃખ તો પારાવાર;
સહ્યું સર્વ સુખ એકમાં પુર્ણ હતા આધાર;
જીવતરની શી આશારે દુઃખડા કયાં જઈ દાખવારેજી.—સ૦ ૬
(સા૦) જગત આધાર જાણ્યા અમે પણ ન થયા એક આધાર;
નામ માત્ર નાશ્ચે થયાં દુઃખીય થયાં અપાર;
હવે નામ કોઇ નવ લેશોરે સુખીયા થાશો સર્વદારેજી.—સ૦ ૭
(સા૦) દુરથી દુર પધારીયા વસ્યા દ્વારકાં ધામ.
મુખ જોવા સંભવ નહિં, જીવતરનું શું કામ;
રાંક થઇને રડીએરે મળવા ક્યા પુકારીએરેજી.—સજની૦ ૮
(સા૦) પુર્ણ વીરહ સાગર મહા બુડયા વ્રજ નરનાર;
આવો સ્વીકારો દોડીને કૃપા છે વારંવાર,
આશાવ્યાધિ ગળાવેરે રઘુનાથ દાસનેરેજી. ... સજની૦ ૯

(પદ.—૧૫—મું.—રાગ—એજ)

ગામડીયાં અભાગીરે પ્રભુનવ ઓળખ્યારેજી—ટેક.
કુબજા બ્હેની તમો ઘણાએ ધન્ય ભાગ્ય. ... ...ગામડીયાં૦ ૧
(સા૦) માથે પડી મોંઘાં કર્યાં કીધાં સ્નેહ અપાર;
પ્રેમે ભાન ભુલાવીયા શરમનલાજ લગાર,
ઘડી ઘડી દોડીનેરે મુખડું જોતાં સ્યામનું રે જી...કુબજા બ્હેની૦ ૨
(સ૦) સાચી પ્રીત સખિ તમ તણી ચંદન ચરચ્યાં હાથ;
આખરથી ખોટાં અમે ત્યાગ્યાં કરી અનાથ,
તોપણ વ્હાલે રમાડયાંરે વીરહે કેમ જીવીએરેજી...કુબુજા બ્હેની૦ ૩
(સા૦) જીવતરતો જોતું નથી, મુખ જોવાની આશ,
બ્હેની વીરહની પત્રિકા દેજો પ્રભુને હાથ.

એક વારતો દેખાડો રે મુખ અમૃત ચંદ્રને રે જી.–કુબજા બ્હેની. ૪
(સા૦) માંને પ્રભુને મુંઝવ્યા નીરખ્યા મુખ ઉલાસ,
ગાયું ચારી ઘેર આવતાં ન સેવ્યા થઇ દાસ.
મનડું તો મુંઝાવે રે રડી માગી માગવા રે જી....કુબજા બ્હેની. ૫
(સા૦) સાચાણુ માગી કરો ટાળો મનની ત્રાસ,
માધવ મળવા કારણે રખડું છું વનવાસ.
બકુલ કદમ દેખાડો રે, વ્રજના વ્હાલા શ્યામને રેજી.–કુબજા બ્હેની. ૬
(સા૦) સખી સરવે ભેળી થયું ચાલી મથુરાં વાટ,
પ્રાણ ક્યા કે પુછતાં સુણ્યા ગુરૂકુલવાસ.
ભક્ત જનુંના જીવન રે કાષ્ટ ભાર શીરે ધર્યો રેજી.–કુબજા બ્હેની. ૭
(સા૦) મધુ વનથી ગોકુલ જતા પ્રભુ પદ રજનું ધ્યાન,
વનરૂએ તેમ ભ.ભરે, કરે ગિલાપી ગાન.
ઘેર જાઇશું કરીએ રે નટવર નીરખ્યા વિનારેજી.–કુબજા બ્હેની. ૮
(સા૦) મળો છાતીમાં ભીડીએ વીરહ વ્યાધ ન ખમાય,
હેત કરી તરછોડીયાં મરવુ ક્યા જઈ થાય.
કાલ વિનાનું મરવુ રે, ના મળ્યું રઘુનાથને રેજી.–કુબજા બ્હેની. ૯

(પદ–૧૬–મું.–રાગ–એજ).

ભવસાગરમાં ભુલ્યાં રે, આરો ક્યારે આવશે રેજી.–ટેક.
પ્રભુ પાસે વિનતિ છે વારંવાર. ....ભવસાગરમાં૦ ૧
(સા૦) તૃષ્ણાતે પાણી ઘણું, કામ અનાદી વાત,
મોહ લોઢથી ભટકતાં પુત્રદારમય ગ્રાહ.
ભક્તિ વહાણ પ્રભુ આપો રે, સહેજે તરીએ સિંધુનેરેજી.–પ્રભુ પાસે. ૨
(સા૦) અવિવેકથી આંધળાં વર્યા છે દુ:ખ અપાર,

સન્માર્ગે ભુલાં પડયાં નજરે જુઓ શ્રીનાથ.
પડદો કયારે ટળશે રે આપના વિજોગનો રેજી. ......પ્રભુ પાસે. ૩
(સા૦) હૃદે વસીને ખસાવશો કામાદિ દુર્વાસ,
હૃદે વાસ છે આપનો દીઓ દુષ્ટને ત્રાસ.
મારે હાથ નવ સોપો રે, અવળું મારૂં હું કરૂં રેજી....પ્રભુ પાસે. ૪
(સા૦ સર્વકાલ રક્ષક પ્રભુ રક્ષ્યસુ સહુ સંસાર,
અવળી મતી નાવ્યો તેથી પાર ડાયણમાં.
પારતો કરનારા રે પ્રભુ આપ એક છોરેજી. ...પ્રભુ પાસે. ૫
(સા૦) મોક્ષ સાધન માધવ પ્રભુ હૃદે કર્યો નહિં વિશ્વાસ,
ગર્ત ત્રયમા બુડીને પુરી ભવની ત્રાસ.
નિર્ભય કયારે કરશો રે નિષ્ટા કયારે આપશોરેજી. ...પ્રભુ પાસે. ૬
(સા૦ પંચ વિષય દસ ઇદ્રિયો કરી પ્રભુ સેવા કાજ,
ભોગી થઈ અવળું કર્યું તોડી શાસ્ત્રનીપાજ.
સર્વ પાપને કીધાં રે પ્રભુ વસ્તુ ચોરતાં રેજી. ......પ્રભુ પાસે. ૭
(સા૦) કર્યું બધું કરશું હજી અન્ય કરવા પ્રેરક આપ,
માયા બંન્ધને કાપવા પડી આપની છાપ.
કરો દીનપર દાયા રે કરશો કયારે શ્રી હરિ રેજી. ...પ્રભુ પાસે૦ ૮
(સા૦) પ્રભુ પીતા જગપુત્ર છે, સબંધ ગર્ભ અનાદ;
ટાળ્યો પ્રભુજી નહિં ટળે, થાઓ કૃપાલુ પ્રસાદ.
શાસ્ત્ર સારની અરજીરે, સુણજો રઘુનાથનીરેજી. ......પ્રભુ પાસે. ૯

(પદ ૧૭ મું,—રાગ એજ.)

કૃપા કરીને પધારોરે વાટ જોઉં આપનીરેજી.—ટેક.
નહિં આવેથી પ્રાણ છોડીશ તતકાળ. ......કૃપા કરીને. ૧
(સા૦) નારદજીના મુખ થકી, સુણ્યા ગુણો અપાર;

શ્રવણ રંધ્ર પાનથી, ટળે ત્રિવિધ સંતાપ.
લાજ મુકી મન મારૂરે પરોવાણું આપમારેજી. .....નહિં આ ૨
(સા૦] શીલ, રૂપ, વિદ્યા, વય, દ્રવ્ય ધામ અનુરૂપ;
કન્યા સમોકુલ જોઇને, નવરે અખિલપતિ ભૂપ.
સિંહ ભાગને સ્યાળોરે, સ્પર્શે નહિં હાથથીરેજી. નહિં આવેથી, ૩
[સા૦] સર્વ પ્રાણી હિતમેં ચહ્યું, દેહ દમન ગુરૂસેવ;
વિપ્ર સુરપતિ પુજીતા, પાણી ગ્રહો યદુદેવ.
શીશુપાલ સમ નીચોરે, નજરે મારી નવ પડેરેજી. નહિં આવેથી. ૪
[સા૦] કાલ સવારે પધારજો કૃપા સૈન્ય લઇ સાથ;
રાગાદિ સમ રાજ્ય ભગા, હિંસી વસ્તુ કરો હાથ.
નીચ વિધિથી વરવારે સમર્થ પ્રભુ આપછોરેજી. નહિં આવેથી. ૫
[સા૦] મમતા તૃષ્ણા, બન્ધુજન જીત વિનાં ન વરાય;
લક્ષ્મી ઘટક છે પુર્વથી, પુજે કન્યા જાય.
લીંગ શરીરથી છુટેરે, પ્રણવરચે ભેટશોરેજી. ......નહિં આવેથી. ૬
[સા૦] જેની શ્રી ચરણ રજો, ઇચ્છે શિવાદિક દેવ;
તમ પોતાનું ટાળવા કરે નીરંતર સેવ.
તેવા પણ છે સંગેરે શું કહું શીલ આપનારેજી. નહિં આવેથી. ૭
[સા૦] આશા કરૂં હું આપની, સતી મારો નસ્વીકાર;
સો જન્મ લીધા પછી, વરૂ આપ નીરધાર.
અમ્બુનીક્ષ પતિ વરવારે, રઘુનાથ દાસનેરેજી. ...નહિં આવેથી. ૮

(પદ-૧૮-મું.—રાગ-એજ.)

ભવસાગરને તરવારે, વિષ્ણું દ્રઢ વહાણછેરેજી—ટેક,
બીજાં વહાણો છિદ્રવંતાં છે હજાર, ...ભવસાગરને તરવારે. ૧
(સા૦) સૌ વ્યાપિ તે વહાણમાં, સદ્દગુરૂ કર્ણધાર;

ફુટા વહાણમાં બેસીને, પુરીહાથે ત્રાસ.
સાર અસારનાં જ્ઞાતારે કરવા ગુરૂ જોઇનેરેજી. બીજાં વહાણો. ૨
[સા૦] પ્રભુ કૃપાં જ્યારે પડે, જન્મકાલમાં ખાસ;
મોક્ષ ચિંતા સાત્વીકપણું, સતસંગ મણીઆશ.
મહાન લાભ સતસંગેરે જ્ઞાન નીધી ગુરૂ મળેરેજી. બીજાં વહાણો. ૩
(સા૦] જ્ઞાની ગુરૂ પારસમણી, સ્પર્શે પારસથાય;
તૃણ સમાન જીવ જન્મથી કર્યો પારસ અનાઈ.
જન્મકાળની કરૂણારે મોક્ષપદનાં મુળછેરેજી. બીજાં વહાણો. ૪
(સા૦) મહત સેવામાં જોડીને, ખોલે મોક્ષનું દ્વાર;
કુસંગી સંગમ નર્કથી છોડાવી કરશે પ્યાર.
વત્સલતાઈ જાણીરે, વ્હાલા તમને વીનવુંરેજી. બીજાં વહાણો. ૫
(સા૦) માતપીતા પ્રભુ આપ છો ભ્રાતા સુખ સંતાન
પ્રિયતા પદ બીજું નહિં એવું રખાવો ભાન.
સુખ અમૃત પ્રભુ સૌનેરે વિષ્ણુ પ્રભુ રદે વસેરેજી. બીજાંવહાણો. ૬
(સા૦) કાષ્ટ વહાણમાં બેસીને પાર જવાની આશ,
તારે તો તારે પણ બુડયાની ઘણી ત્રાસ.
વિષ્ણું વહાણ નહિ તેવુંરે બુડયાંની, નીચે વસેરેજી. બીજાં વહાણો.૭
(સા૦) વિષ્ણુ વહાણ રદયે વસે પણ રાગાદિકથી દુર,
પરમ ભક્તિથી સ્થિર થશે સર્વ વ્યાધિ ચકચુર.
કરશો વ્હાલા વેહેલીરે. રઘુનાથ દાસનેરેજી. બીજાં વહાણો. ૮

પદ (૧૯)મું.—રાગ.—પ્રભુ ચરણ કમલ નવ છુટેરે એવું માગું—એ ઢબ.
મેં કૃપા ગુરૂની જાણીરે શ્રીપતિ મળવા,—ટેક.
મને સાચું સાધન લાધ્યુંરે ભવસિંધુ તરવા,

અનાદી સબંધ પ્રભુથી સાચો, પણ રહ્યો ગુરૂ વીણુ કાચો;
હવે થઇ આનંદી નાચોરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૧
મેં સાધન શોધ્યાં સઘળાં, પણ આપણુ બનવાં અઘરાં;
ગુરૂ સુલભ જોઈ મેં નકર્યાંરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૨
ગુરૂ ઉપકારનો અંત ન આવે, સેવા વીણુ મન પસ્તાવે;
તન અર્પે દુઃખ નવ જાયેરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૩
ગુરૂગુણુ ગાતાં લેશન ધરાઉ, તેથી પરવશ થઈ ગુણુ ગાઉં;
હું મારૂં માન નવ ચાહુંરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૪
ગુણ ગાયે સૌએ સુખથી નહિ ફરીએ ભવમાં દુઃખથી;
શ્રીપતિને મળીએ સુખથીરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૫
ભવસર્પ ડસ્યાની વ્યાધિ, ઉપદેશ દવાથી કાઢી;
શ્રી ગુરૂએ છોડાવી વ્યાધિરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૬
ગુરૂનામ મુખેથી લેતાં વરસે, અમૃત સુખ દેતાં;
અમે થયાં સુભાગી કહેતાંરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૭
રઘુનાથ અનુભવ કહે છે, ઉપદેશ મળ્યો તે દે છે;
ગુરૂ ચરણુ રજ વંદેછેરે, શ્રીપતિ મળવા. મેં કૃપા૦ ૮

(પદ–૨૦ મું–રાગ–એજ)

મને કયે કૃપા પ્રભુ કરશેરે શ્રી રંગવાસે,—ટેક.
મારા તનની તરસ્યું ટળશેરે શ્રીરંગ વાસે;
અમે કયે કાવેરી નાશું શ્રીરંગનાં દરશન જાશું;
મુખ નીરખી પાવન થાશુંરે. શ્રીરંગવાસે. મને૦ ૧
જવાનું મન જો સાચું કરીએ, અવળી તૃષ્ણાઓ પરહરિયે;
અન્ય વાતો મનપર નવ ધરીએરે. શ્રીરંગવાસે, મને૦ ૨

મન રંગમ રંગમ કરજે દિવ્ય ધામ રદયમાં ધરજે;
સતસંગે ચિતથી ઠરજેરે. શ્રીરંગવાસે. મનેo ૩
પુર્વથી પુર્વ ગુરૂની વાણી અભિમાન થયું દુર જાણી;
તયે વરવું રંગ ઉર આણીરે. શ્રી રંગવાસે. મનેo ૪
હવે રંગવાસ મન કરશું યતિરાજ શરણશિર ધરશું;
અમે દાઇભાગમાં ભળશુંરે. શ્રીરંગવાસે. મનેo ૫
થઇ રંગ વીથિનાં વાશી શ્રીવૈશ્નવ ઘરનાં દાસી;
અભિમાન થકી ઉદાસીરે. શ્રીરંગવાસે. મનેo ૬
જયેંત્યક્ત પાત્રમાં જમીએ તયેં પ્રભુને સારાં ગમીયે;
પછી શ્રીપતિ સંગે રમીએરે. શ્રીરંગવાસે. મનેo ૭
મન રંગરાજ ઉર ધરજે ગુરૂ ચરણ રજો શીર ધરજે;
રઘુનાથ કહ્યું આચરજેરે. શ્રીરંગવાસે, મનેo ૮

(પદ-૨૧-મું.-રાગ-એજ.)

મને વ્હાલા વેંકટ થાજોરે અન્ય તજાવી,— ટેક.
મારી કંઇક દાસ્યને સ્હાજોરે અન્ય તજાવી;
હું ગાન તમારૂં ગાઉં દિવ્ય ધામો ધામમાં જાઉં,
સતસંગ તીર્થમાં નાવુંરે. અન્ય તજાવી. મનેo ૧
મુનેં મુર્તિ મનમાં રહેજો શુદ્ધ જ્ઞાન ભક્તિ ઉર દેજો,
નીજ વસ્તુ સ્વીકારી લેજોરે. અન્ય તજાવી. મનેo ૨
મને વેંકટ ગીરી વસાવો દિવ્ય રૂપ સદા ઉર ભાવો,
સેવામૃત રસને પાવોરે. અન્ય તજાવી. મનેo ૩
અન્ય ત્તજવા કામ ન મારૂં પ્રભુ પ્રેરક કામ તમારૂં,
અમેં કરીયેં અમારૂં કાળુંરે. અન્ય તજાવી. મનેo ૪

જીવશેષ વસ્તુ કહેવાણો સ્વીકારી દયા ઉર આણો,
હું રખડી અનાદી ધરાણોરે. અન્ય તજાવી. મને૦ ૫
વેં, પાપ સમુહને કેછે, કટ, દાહ સર્વને કરે છે,
×વેંકટ નામ કલીમાં ધરેછેરે. અન્ય તજાવી. મને૦ ૬
અમે બાલ આપનાં છઇએ તરછોડેથી ક્યાં જઇએ,
કાઢયાં સામું જોઈ રહીએરે. અન્ય તજાવી. મને૦ ૭
વૈકુંઠનાં વાસી ત્યાગી, થયાંશેષ ારી અનુરાગી,
તોય ન ગયાં અમે ઘર ત્યાગીરે. અન્ય તજાવી. મને૦ ૬
અનાદી બંધન આપજ તોડો નીજ ચરણ શરણમાં જોડો,
વાસના લીંગ શ રની તોડોરે. અન્ય તજાવી૦ મને૦ ૭
પરમાં, જઇ સ્વીકાર્યાં હાથે મૃદુ પુષ્પ, ધરાવ્યાં માથે,
રઘુનાથ સેવા ચહે સાથેરે. અન્ય તજાવી. મને૦ ૮

(પદ-૨૨-મું. રાગ-એજ.)

તમે દાસ પ્રભુનાં આપેંરે શાસ્ત્ર સાર હું કહું છું.—ટેક.
ઉપદેશ થકી મેં જાણ્યુંરે દિવ્ય જ્ઞાન તે દઉંછું,
જીવ બ્રહ્મ કદી નવ થાયે, શ્રુતિ ભેદ કરીને ગાયે;
જીવ પરાધીન કહેવાયેરે શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૧
પ્રભુ અંતર્યામી એના જીવ શરીર બનેલા તેનાં;
તમેં સ્વતંત્રતે જીવ શેતારે શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૨
મન અહંમ મોહને છોડો પ્રભુ ચરણ શરણમાં જોડો,
અન્ય સંગત પ્રભુ વીણ તોડોરે શાસ્ત્ર સારહું કહું છું. તમે૦ ૩
શાસ્ત્ર સહુ કરવું ન કરવું કહે છે, ઉપદેશ મોક્ષનો દે છે,
પ્રભુ મુક્ત સદાના છે છેરે, શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૪

× (વેં એટલે-અમૃત-ને-કટ-એટલે તેનું-બીજ-તે-વેંકટ;
મ પણ અર્થ થાય છે;)

પ્રભુ જગત પીતા કહેવાય માતા તે લક્ષ્મી થાય,
પ્રભુ વ્યાપક શાસ્ત્રે ગાયારે શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૫
જગવસ્તુ શ્રીપતિ સ્વામી સર્વેના અંતર્યામી,
પુરૂષોત્તમ પુરણ કામીરે શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૬
પ્રભુ સમાન દેવ ન કોઈ તયે અધિક ક્યાંથી હોઈ,
શરણે થાઓ મન પ્રોઇરે શાસ્ત્ર સાર હું કહું છું. તમે૦ ૭
મન દીધું શરણે થાવા પદ દીધા તીર્થમાં જાવા,
જીભ દીધી પ્રભુ ગુણ ગાવારે. શાસ્ત્ર સાર હું કહું છું—તમે. ૮
જગબંધુ છે એ, ત્રતા માતાને સાચા ભ્રાતા,
અંતે પણ મુક્તિ દાતા રે. શાસ્ત્ર સાર હું કહું છું—તમે. ૯
રઘુનાથ ગુરૂ ગુણ ગાશો ભવ બંધન સહેજે મુકાશો,
શ્રી વીરજામૃતમાં નાશો રે. શાસ્ત્ર સાર હું કહું છું—તમે. ૧૦

(પદ.-૨૩-મું.-રાગ.-શું સંભારૂં શ્રીનાથ કરૂણા કેવી છે-એ ઢબ.)

નીરખવા નંદકુમાર નેણુ મારાં વરસે છે,—ટેક.
હવે રહ્યું ઘડી ન રહેવાય પ્રાણ મારાં તલસે છે,
નેત્ર સફળતા નીરખવાથી જીભ સફળતા ગાયે રે;
હસ્ત સફળતા સેવ કરીને પદ ગોતે વનરાય.
નેણુ મારાં વરસે છે—નીરખવા. ૧
ગાત્ર તરસ્યું છે મળવા સારૂ મન મારૂં ગભરાય રે,
નેત્રથી નેત્ર ભરીને નીરખું, શાન્તી પરમ મન થાય.
નેણુ મારાં વરશે છે—નીરખવા. ૨
ગાયું ચરાવે બંસી બજાવે, મુખથી મધુરૂં ગાય રે,
નેત્ર વિલાસે વશ કર્યાં , કેમ કરી ધીરજ થાય.

નેણુ મારાં વરસે છે—નીરખવા. ૩

એક સખી કે જોડને સસરો બેઠા આગણાં માંહે રે,
પ્રેમ અંધારૂં-કરીને ચાલો નથી આંહી કોઈ સહાય.
નેણુ મારાં વરસે છે—નીરખવા. ૪

મોર મુગટને નટવર વેચી પીતાંબર ઝળકાય રે,
શ્રી વૈજયંતિ માલા ધારી વેણું મધુર રસ ગાય.
નેણુ મારાં વરસે છે—નીરખવા. ૫

સ્યામતા સુંદર મણીમય કુંડલ ગ્વાલ બાલ સહાય રે,
રઘુનાથ વૃંદાવન કુંજે ગોતી રહ્યો અસહાય્ય.
નેણુ મારાં વરસે છે—નીરખવા. ૬

(પદ. (૨૪) મું.—રાગ—એજ).

કરો ધનુર માસનાં વ્રતો ગોવિંદ પ્રભુ મળવાને,—ટેક.
સુણો ગોદા અમ્માંના વચન હૃદયમાં ઠરવાને,
પાછલી રાતે વહેલાં જાગી ઘર, ઘર, જઈને જગાડો રે;
માનુષ તન વળી શ્રી વૈશ્નવતા મળ્યો સમય ન બગાડો.
ગોવિંદ પ્રભુ મળવાનેં-કરો. ૧

કૃષ્ણ સરોવર સ્નાન કરીને અજ્ઞતા સમય મળને ધોવોરે,
શેષ સ્વરૂપ જણાશે યારે પ્રભુ લાયક તન જોવો.
ગોવિંદ પ્રભુ મળવાનેં-કરો. ૨

વૈશ્નવ જનની સઘળી રહેણી ગોદાજીએ જણાવી રે,
કૃપા પરાધીન આપ થઈને ત્રીશ પાસુરમાં ગણાવી.
ગોવિંદ પ્રભુ મળવાનેં-કરો. ૩

વૈશ્નવ વૈશ્નવ પરસ્પરમાં છે દાસાનું દાસ રે,

જાતિભેદ અભિમાનને ત્યાગી સેવો શ્રી વૈષ્ણવ ખાસ.
ગોવિંદ પ્રભુ મળવાને-કરો. ૪
વરશે પ્રભુજી તમને ત્યારે કરશો વૈષ્ણવ સ્નેહ રે,
તન, મન, ધન શ્રીવૈષ્ણવ કાજે અર્પે દેહને ગેહ.
ગોવિંદ પ્રભુ મળવાને-કરો. ૫
પરોપકાર, વૈષ્ણવ જનને કરવા સ્વરૂપને જાણી રે,
વ્રતથી સુંખ ઉલ્લાસ પ્રભુનું ટળશે અનાદી હાણી.
ગોવિંદ પ્રભુ મળવાને-કરો. ૬
વ્રત પુરે શ્રીહરિ પ્રભુ મળશે ધરશે ભુષણ હાથરે,
વૈકુંઠ વાઘ સામૈયાં આવે રાખે પ્રભુ સદા સાથે.
ગોવિંદ પ્રભુ મળવાને-કરો. ૭
ગોદાવાણી પ્રતિ આણી સઘળી મનમાં ધરશો રે,
રઘુનાથ શ્રી પતિની સેવા સઘળી તન મન કરશો.
ગોવિંદ પ્રભુ મળવાને-કરો. ૮

(પદ-૨૫-મું. રાગ.-પ્રભુ મને પલકે વિસરશોમાં-એ ઢબ.)

પ્રભુ હવે પોતાનાં કરજો, (ટેક.)પાપો મારાં સઘળાં પરહરજો. પ્રભુ ૧
શરણે આવ્યાં સરવેને સુખી, આપ વિનાં થયાં ઘણાં દુઃખી. પ્રભુ ૨
વ્હાલાથી રે વ્હાલા જાણ્યા તમને ગુરૂ વિણ ગમ નોતી અમને. પ્રભુ ૩
સર્વેનું સારૂં સદા ચહીએ સુખ દુઃખ ભાગ્ય જાણી સહીએ. પ્રભુ ૪
ભવોભવ ભુલ્યા અમે જાતે આત્માભર સોંપ્યો આપને હાથે. પ્રભુ ૫
ગર્ભવાસે સાથે રહ્યા સોઇ માતા સાચી બીજી નથી કોઈ. પ્રભુ ૬
હાથે કરી નાખ્યા અમે રહ્યા, નર્કાદિક દુઃખો પણ સહ્યાં પ્રભુ, ૭
ભોગ્યાવિણ દુઃખો એકે ન રહ્યા, સહજ જાણી સર્વેને સહ્યા. પ્રભુ ૮

પરાભવ શરણુ તણો ન ધટે દયાળુ રક્ષક આપ છે તે. પ્રભુ
શત્રુ પણુ શરણે જો આવે જ્ઞાની સમ મોક્ષપદો પાવે. પ્રભુ ૧૦
જયંત જેવા અમે પાપી સ્વીકારો પાપ બધાં કાપી. પ્રભુ ૧૧
રઘુનાથ કરગરીએ આવી અરજો કરવા બીજે કયાં જાવી, પ્રભુ ૧૨.

(પદ (૨૬) મું.–રાગ–એજ.)

આવ્યાં અમે શ્રી વૈશ્નવ ધર્મે, રહેવું સૌને સારાં સત્કર્મે. આવ્યાં ૧
સૌએનું શ્રેય સદા જાચો, પુરા પ્રેમે સેવામાં રાચો,
પ્રભુ પાસે લાજ મુકી નાચો, આવ્યાં અમે શ્રી વૈશ્નવ ધર્મે. રેવું૦ ૨
વેષ તોરે ભજવો રૂડી રીતે, મનથીરે રહેવું સદા બીતે;
તીરથવાસી સેવો સદા પ્રીતે. આ૦ ૨
સ્વાંતી જલ ચાતક જેમ માગે, તૃષ્ણાવંત દેહ ભલે ત્યાગે;
પ્રભુ કૃપા વૈશ્નવ એક રાગે. આ૦ ૩
પ્રપન્ન તો ચાતકની રહેણી. પ્રભુ પાળે કપોતની કહેણી;
અન્ય સાથે નથી લેણી દેણી. આ૦ ૪
ઉપકારો તો હેતુ વિના કરતા, પ્રભુનાતે પ્રાણુ સમા ઠરતા;
એવા જન અઘ સ્હેજે હરતા. આ૦ ૫
રાગાદિથી પ્રભુ પાસે નાવે, દુર્ગંધીથી છર્દી કરી જાવે;
હંસોને તો રૂડાં જલો ભાવે. આ૦ ૬
મારૂં તારૂં કરી લીધું દીધું, પ્રભુ જાણે કાંઈ નથી કીધું;
ઝેર જેમ ખાયું ને પીધું. આ૦ ૭
ગુરૂ ઉપકાર રદય ધરજો, અંતરંગી દાસ તેનાં ઠરજો;
રઘુનાથ કહ્યું, મારૂં કરજો, આવ્યાં. અમે૦ ૮

(પદ–૨૭–મું.–જાણ્યા નંદકુમાર તમોને–એ–ઢબ.)

દેખ્યા રાજકુમાર સખીમેં દેખ્યા રાજકુમાર.—ટેક.

નીલમણી તન સ્ફટિક મણીસમ જુગલ જોડી ઉજ્યાર. સખીમેં ૧

ધનુષ ન તુટે પિનુ પણ ન છુટે બાલ અતિ સુકુમાર સખીમેં ૨

બાગ વિલોકનકુ સખી આયે મદભર નેણવિશાલ. સખીમેં ૩

ગજગતિ ગમન જોઈ અતિસુંદર મનહર કરત વિહાર સખીમેં ૪

ધીરજ લાજ ગઈ મોરી સજની અબ રોપું વનમાલ. સખીમેં ૫

તાટકા મારી અહલ્યા તારી ઋષિ પણ પુરણહાર. સખીમેં ૬

મમતા શોક મોહ ભર ભારી પતિ કરૂં જાઇ સ્વીકાર સખીમેં ૭

લાજથી કાજ સરે નહિં સજની મળવા થઈ હું તૈયાર સખીમેં ૮

હુ પ્રભુ લાયક પ્રભુ મમ પાલક નાન્તર લેશ લગાર. સખીમેં ૯

રઘુવંશી રઘુનાથ પધારે, ધન્ય, ધન્ય, ભાગ્ય હમાર. સખીમેં ૧૦

(પદ–૨૮–મું. એક સમે:રહ્યું જાતું સંસારમાંથી એ ઢબ.)

જેમ રાખો તેમ રહીએ વેંકટવર જેમ રાખો તેમ રહીએ.–ટેક૦

અમે દાસ તમારાં છઇએ. વેંકટવર૦ ૧

મનના મનોરથ દિવ્ય સેવામાં ઘાતો સદા એજ ચહીએ. વેંકટવર૦ ૨

અમે વીમુખી સન્મુખ કીધાં શું શું ઉપકારો કહીએ. વેંકટવર૦ ૩

સુંદર મુર્તિમાં સુરતી જોડી ગુણો તમારા ગાઇએ. વેંકટવર૦

પદ્માવતીના વ્હાલા પ્યારા કરો પ્યારાં અમે તો થઇએ. વેંકટવર૦ ૪

અવળાં તો રહે બાલક સદાથી ત્યાગથી કયાં જઇએ. વેંકટ ૨૦ ૫

ઋણુ તમારૂં એક ન કીધું દુ:ખો ફરી ફરી દઇએ. વેંકટવર૦ ૬

અપરાધોની માફી માગવા કોને પુકારવા જઇએ. વેંકટવર૦ ૭

રઘુનાથ સેવા સુખ અમૃત પાવો પ્રભુજી તો પીએ. વેંકટવર૦ ૮

(પદ–૨૯–મું.–રાગ–ધનાશ્રી.)

આશું જગની રીત પ્રભુજી આશું જગની રીત.—ટેક.
દેખી ઉપજે ભીત પ્રભુજી આશું જગની રીત;
આશા મોટી ભાગ્યો ખોટી તોપણ તરશ અજીત. પ્રભુજી. ૧
દુઃખ ઉપજે પણ સુખને ચ્હાવે કેવું મન છે અજાત. પ્રભુજી. ૨
જ્યાં વિશ્વાસ ઘાત ત્યાં પુરી તપે તાપ ભયભીત. પ્રભુજી. ૩
શત્રુ તે મીત્ર મીત્ર એ શત્રુ સર્વ રીત અઘટીત. પ્રભુજી. ૪
મોહને ગાળો રદયને ઠારો વત્સલ પુર્ણ પુનીત. પ્રભુજી. ૫
મન મોહાવે દુઃખ ઉપજાવે કરો કરુણા શ્રી સહીત. પ્રભુજી. ૬
શરણે જાણી લેશો તાણી જોર કરી જગદીશ. પ્રભુજી. ૭
રઘુનાથ નજરે નવ દેખું ઘણો થયો ભયભીત. પ્રભુજી. ૮

(પદ–૩૦–મું.–રાગકાફી.)

શ્યામ મણી મારી મણી રે, નેણે ક્યાં નીરખું—ટેક.
શ્યામ મણી મારી મણી રે, હાથે ક્યાં સ્પર્શું,
હસ્તુ મુખ, નેત્રોથી નીરખું, મારા હૈયેથી હું હરખું;
સુણી ગુણો કરણે પરખું રે. નેણે ક્યાં નીરખું–શ્યામ મણી. ૧
શુદ્ધમણી શીરોમણી વક્ષે ચિન્હ રૂકમણી,
યશોદાના બાળ મણી રે. નેણે ક્યાં નીરખું–શ્યામ૦ ૨
મારૂં ધન સર્વેના બંન્ધુ શ્રુતિની સર્વ સુગંધું,
સર્વ રસ કૃપાના સિંધુ રે. નેણે ક્યાં નીરખું–શ્યામ૦ ૩
વેંકટગીરીમાં જોયા, શ્રીરંગે શયનુમાં સોયા,
જશોદા બંધને રોયા રે. નેણે ક્યાં નીરખું–શ્યામ૦ ૪
જમુના તીરમાં જોયા, જશોદાને ખોળે સોયા,
અનુપમ તેજોથી સોહા રે. નેણે ક્યાં નીરખું–શ્યામ૦ ૫

અંગુલી શ્રી મુખ ધારી અમૃત ઝરતી વાતો ન્યારી,
યશોદાને ઘણી પ્યારી રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૬
સમય વિનાં વત્સુ છોડે ગોપીયું સ્પર્શવા દોડે,
છાતીમાં પ્રેમેથી જોડે રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૭
ગોપીયું ને ગોતવા આવ્યા નમળ્યા વેદો પણ ધ્યાવ્યા,
યશોદાએ તે ઝુલાવ્યા રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૮
બાલ સખા સંગે ચાલ્યા બાલ વત્સુ ઘણા વ્હાલા,
લીલાધારી છે કૃપાલા રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૯
છાનું પાયું માખણ ચોરી સુતા છાના ગોળી ફોડી,
બાંધ્યા માએ થોડી દોરી રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૧૦
બ્રહ્મ તત્વ મેં તો ગોત્યા માખણ સારૂ ખોટા સોતા,
વત્સુ ચારી થયા મોટા રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૧૧
જમુનાં કાંઠે ભોજન કરતા સ્વાદુ આ મુખે ઉચરતા,
રઘુનાથ મનોને હરતા રે. નેણે ક્યાં નીરખું-સ્યામ૦ ૧૨

(શ્રી ગોપાલ સ્વામીજીના બાર મહીના)

(પદ.-૩૧-મું.-રાગ-સીતાજીના મહીનાનો.)

સખી કારતકે કરૂણાનિધાન લીલાનો ત્યાગ ઇચ્છતા,
જાવું નીજ નિત્યજ માંય સજ્જનને રે, મીલતા;
નીજ દેશીકા ઉપદેશી ધામ, સ્વામીજી ત્યાં પધારીયા,
દીધાં દિવ્ય જનને રે જ્ઞાન ત્યારે નીશ્ચે થયાં. ૧
સખી માર્ગશીર્ષ મુકી શરીર, અરચી રસ્તે સંચર્યા,
કૃષ્ણ શષ્ઠીને બુધવાર નિત્ય દેહ ફરી ધર્યા;
નીજ સ્વામીશું અતિરે સ્નેહ તેથી રે વ્હેલા, ત્યાં ગયા,

આવેલ કરવા જનકાજ ભુલ્યાં રે, અમે ન જાગીયાં. ૨
સખી પોષે પુરણ પાપ આવીને આડાં નડયાં,
તેથી જાણ્યા નહિં નાથ અજ્ઞાની ઉંધાં પડયાં;
એવા અજ્ઞાની અબુધિ જીવ છયે સ્વામી તમતણા,
કરશો જાણીને કૃપા અકૃત ગુણ છે અમ તણા. ૩

સખી માહા મહીને મહારાજ એવા ગુણ જાણશે,
તયેં થાશે ભવબીક, આવીને જમ તાણશે;
પણ આશા છે દયારે ગુણની, અતિ રહ્યો જેહને,
કરશો જાણીને કૃપાય લાજ સાચી તેહને. ૪

સખી ફાગણે ફેરો ભવનો, સ્વામી નીશ્ચે ટાળશે,
રેવું નિર્ભય આશ ઇચ્છા કારજ સારસે;
દયા નીરહેતુ છે અપાર, જીવ માથે જેહની,
વર્ણાવી કદી ન વર્ણવાય મુખ સહસ્ત્ર તેમનીં ૫

સખી ચઇતરે ચરણમાં આશ જેહ જીવે રાખીયા,
મુકી સ્વર્ગમાં પગ, નિત્ય ધામમાં, માગીયા;
સ્વામી શરણાગતના આધાર વૃત મુકે નહિં કદા,
નીજધામ ત્યાં જનવાસ, રાખશે સ્વામી સદા. ૬

સખી વૈશાખે વેલેરી વ્હાર વાલારે મારા કીજીએ,
નથી કોઇ જુગમાં આધાર એકલડાં બીજીયે;
એક આધાર આપનું સ્વરૂપ જોઇનેરે. જીવતાં,
તેમાં આડારે ઉપાય કરી, હવે બીવતાં. ૭
સખી જેઠેં જડ શરીર નામ નહિ કીધલો,
દીધાં સ્વાતંત્રેં દુઃખ જીવ નહિ લીધલો;

મહા ઘોર અઘાટીનાં પાપ કર્યાં હશે આપણે,
તેથી સ્વામીજીના વિયોગ સહ્યા તે ટાકણે. ૮
સખી અષાડે અંધી આપી અમતણા દેહમાં,
સેવા ન કરિ શક્યાં નાથ ભુલ્યાં જગ સ્નેહમાં
વ્હાલા આપ વિનાં સંભાળ્યું હવે કોણ લેહશે,
કરી નીજના દાસ જ્ઞાન કોણ દેહશે. ૯
સખી શ્રાવણે સ્વામીનાથ મધુર વેણે બોલતા,
દેતા જનનેરે જ્ઞાન ભવબંધ ખોલતા;
એવાં મધુર કોમલ વેણ સુણીએ હવે જયેં,
ટળે જનમનો રોગ ત્યારે સુખીયાં થયે. ૧૦
સખી ભાદરવે ભરપુર ભવમાં બુડીયા,
સ્વામી રૂપી ત્યા નાવ તારશે નિશ્ચે થયાં;
એણ્યે જીવ ઉધાર્યા અનેક પાપી પ્રલયતણા,
ધન્ય ધન્ય આપનું વૃત રાખ્યામાં નથી મણા. ૧૧
સખી આસુએં એક આધાર સ્વામીને જાણશે,
પામે વૈકુંઠ ધામ મુક્ત થઇને માણશેઃ
મન કરી સ્વામીજીના ગુણ શ્રવણેરે જેહ ધરે,
કહે છે રઘુનાથ દાસ ભવનો ફેરો ના ફરે. ૧૨

(પદ–૩૨–મું.–રાગ–ધોળ.)

સખીરે હુંતો સ્વામીને નીરખવા ચાલી,
સંસારિયાની લાજ રાખું છું હું ઠાલી;
સંસારીયાંની માયા છે ઘણી ખોટી,
હુંતો જડ રૂપે થઇને ચોટી.

હવે મારો તમ વિના ક્યાંથી ને આરો;
અભેપદ રૂદીયામા મારા ઢાળો;
સ્વામીરે તમે નીરહેતુ ગુણ જાંણો,
અનાદીનાં અમે પડયાં અજાણ્યાં.
કૃપા કરી શરણે રાખો તેહો સ્વામી,
અનાદીનાં ક્રોધીને છૈયે કામી;
મારા ગુણ દુષ્ટનો ન આવે, પાર,
તમે સ્વામી અધમ તણા આધાર.
એવું જાણી શરણે આવીયાં અમે,
કરૂણા દ્રષ્ટી કરશો સ્વામીજી તમે,
સ્વામીરે તમને શરણાગતની લાજ;
નિશ્ચે અમને નથી આડા વળાં પાપ,
ભુલીરે હુંતો સંસારીયાંની સાથે.
ગ્રહી મને બુડતી મારે નાથે,
જુઓ તમે આવા ગુણ કેને હોય;
નિશ્ચે રાખો બીજા કોઇને ન હોય,
મારૂં મન સ્વામીની ત્રીવડીમાં લાધ્યું.
દુઃખ સરવે ભવસાગર તણું ભાંગ્યું,
એવી કૃપા કીધી દીન દયાળે;
છુટા મારા જનમ મરણુના હાલ,
હવે મારો રૂડી રીતે આવ્યો આરો.
માથે ટળ્યો જમ કીંકર તણો ભારો,
એવું જાણી શરણે જો તમે જાશો;

મહા દુઃખ મોહ થકીરે મુકાશો,
છુટા તણો સુગમ ઉપાય બતાવો.
તન, મન, ધન, ત્રીવડી વીશે ધારો,
ત્રીવડીરે રૂડી મુક્તિ તણી દાતાર;
તેને સેવ્યે તરત ઉતરશો ભવપાર,
ઉપાયમાં પાંચ જોયેજ ઉપાય.
કરમ જ્ઞાન ભક્તિ તમે નહિં થાય,
શરણાગત સુગમ ઉપાયરે જાણો;
તેથી સદાચારી અભિમાન વખાણો,
સુગમ આ છેલ્લો શ્રેષ્ટ ઉપાય.
મન કરમ, વચને જે કોઇ ગાય,
તેને પર વૈકુંઠ પ્રાપ્તી થાય;
લક્ષ્મીવર કેરો મુક્ત કેવાય,
મળીયા મને રઘુનાથ દાસના સ્વામી.
સ્વામીરે હું તો સબંધે સુખ પામી.

(ધોળ-પદ-૩૩-મું.)

જુઓરે સખી સ્વામીજી વીહરંતા આવ્યા
રામાનુજ સ્વામીને સંગે લાવ્યા;
રમજમ કરતી ગાડીયું આવે,
વૈશ્નવ જન પંચ ધાટી મુખે ગાવે.
વાજીંત્ર શુભ વાગી રહ્યાં સરવે રીતે
ગાતાં ગીત સામૈયાં ચાલ્યાં પ્રીતે;
ભેટ ધરી ધરી ચરણે સ્વામીજીને પડિયાં,
મન કર્મ વચને સ્વામીજીને મળીયાં.

પંખા છડી ચમરે પધાર્યા શ્રીસ્વામી,
ગૃહે આવી સેવ્યા શ્રી અંતરજામી;
અંતરજામી સેવી સીંગાસણે બેઠા,
અહો ભાગ્ય આપણાં સહુએ લેખ્યાં;
અડીયન કરી સાષ્ટાંગ સર્વેએ કીધા.
ત્રીવડી ધોઇ તીરથ સરવે એ લીધાં.
વેદ પાઠ વૈશ્નવ સરવે કરતા,
એક રસે ધ્યાન સ્વામીજીનું ધરતા;
મળીયારે મને રઘુનાથના સ્વામી,
સ્વામી રે હું તો સંબંધે સુખ પામી.

(પદ–૩૪–મું.–રાગ ગમેતે.)

પ્રથમ સ્વાચારી ત્રીવડી શરણે રહુ,
દિવ્ય ખરારીપુરની મહીમા કહું;
એની મહીમા મુખે વર્ણવી ન જાય,
ધન્ય વસે છે તે ગામમાં સુખદાય
સોરઠ દેશ મધ્યે તે ગામ છે.
શ્રી ગોપાલ સ્વામીજીના વિશ્રામ છે;
વસીયા સ્વામીજી રે કીધી જીવનને કૃપા,
ધન્ય વસે છે તે ગામમાં. ૧
શરણાગતિ છે તન ત્યાં તણાં,
ભજે શાસ્ત્ર રીતે પ્રભુને ઘણાં;
મોક્ષ પ્રાપ્તીનો જેને દ્દઢ વિશ્વાસ. ધન્ય. ૨

સરવ કાળ સ્મરણુ સ્વામી તણું;
ગોવિંદદાસ આવીને અતી ઘણું,
કરે કીંકર્ય મન રાખી વિશ્વાસ........ધન્ય (૩)
અન્ય દેવની સેવાનીવરતી કરી,
જીવ લક્ષ્મી પતિ શરણે વર્યા
શુભ સબંધ પતી વૃતા ઉપાય.........ધન્ય (૪)
વૈશ્નવ સંગે સ્વામીજી પધારતા,
સર્વ દેશના જીવ ઉધારતા;
કીધો વિજય દીધો મુક્તિ ઉપાય......ધન્ય (૫)
વેદશાસ્ત્ર અર્થ નીર્ણ કર્યા,
શુભ ચેતનને રૂદીયે ધર્યા;
શુભ વર્ણવ્યો પાંચમો ઉપાય..........ધન્ય (૬)
એવા ઉપાય જેણે નીશ્ચે કર્યા,
તન, મન, સ્વામીજીને તે વર્યા;
તેનો સંગ તમે કરજો સદાય.........ધન્ય (૭)
તેને સંગે સ્વામીમાં પ્રીત થાય છે,
રઘુનાથદાસ સત્ય ગાય છે;
જાય નીસ્યે વૈકુંઠ ધામ...............ધન્ય (૮)
સ્વાચારી સમરી તે શરણે રહિએં,
નિત્ય ઉઠીને તેના જશ મુખે કહીએ,

(પદ-૩૫-મું,—રાગ-એજ.)

જશ અતિ ઘણા સ્વામીના જાણો,
પ્રીત કરી મુખે વખાણો;

સર્વ સખી મળી ગીત ગાયે,
ગીત ગાતાં સ્વામીના દરશને જાયે.
દરશનતોરે સ્વામીનારે દીઠાં,
અમૃતથી અધિક ઘણાં મીઠાં. (૧)
આશ્રીત જન થઈ પીધાં છે જેણે,
સુખ મુક્તિથી અધિક લીધાં તેણે;
એ સુખ તણો મહીમા શું કહું રે,
જેવી બુદ્ધિ મારી તેવું હું કહું રે. (૨)
ગુણ તો સગાધ્ર સમુદ્રથી જેના,
મોટા મોટા થાહ પામે નહિં તેના;
હું શું વર્ણવું મારા સ્વામી,
ક્રોધી કુટીલ હું છું ખલ કામી. (૩)
પ્રગટ ત્રિકાલ સ્વામીજીએ કીધા,
દુષ્ટ અનાદીનાં શરણે લીધાં;
શરણાગતી તો સ્વામીજીની સાચી,
બીજી સર્વ દીસી છે કાચી. (૪)
અન્ય શરણાગતિ શીદને કરીએ,
સીદ્ધ ઉપાય સ્વામીજીને વરીએ;
સુગમ ઉપાય એવો નહિં જાણો,
વેદશાસ્ત્ર ગુજ અર્થે વખાણો. (૫)
સ્વચારી શરણે સદા રેજો તમે,
શાસ્ત્ર શોધી કહીએ છીએ અમે;
શરણે જાશે તેતો મહા સુખી થાશે,

દુઃખ આભવનાં સર્વ મુકાશે. (૬)
તેમાં સંદેહ કાંઇ તમે ન જાણો,
પ્રીત કરી ચીત શરણમાં આણો;
શરણે ગયાં તેતો મહા સુખી થયાં,
દેહ અવશાન જઇ વૈકુંઠ વશીયાં. (૭)
નીત્ય વૈકુંઠમાં તેહનો વાસ,
શ્રીભુ લીલા સંગ વશીયા શ્રીનાથ;
નીત્ય કૈંકર્ય શ્રીનાથની કરતાં,
એક રસે તેનું ધ્યાનજ ધરતાં. (૮)
રઘુનાથદાસ કહે સમરો સ્વાચારી,
સ્વાચારી સમરણે સુખ ભારી;

(પદ–૩૬–મું.–રાગ–એજ.)

જશ ગાયે ગોપાલ સ્વામી તણા,
જેમાં ગુણરે વસે ઘણા હરિતણા;
જગત હેતુ અવતાર ભુપર ધર્યા,
વૈશ્નવ ધર્મની રક્ષાયે કરી.— ટેક.
શરણે જાઓની ચિંતા મને ઘણી,
શરણાગતિ કરો સ્વામી તણી;
કામ ક્રોધને લોભ જેને દુર વસે,
તેનાં ચરણ સેવોને પાપ દુર વસે (૧)
સદગુણ શાસ્ત્રમાં કહેવાય છે,
તેવું વિગ્રહ સ્વામીનું વર્ણવાય છે;
દ્વૈત અદ્વૈતમત ખંડન કીધારે,

આપ વસી સૃષ્ટી દૈત રૂપે રહ્યા.
સ્વામી રૂપ શીરોમણી જાણજો,
તન, મન, ધન, ચીતમાં આણજો;
જશ પર વૈકુંઠ વાસ હરિતણા,
ચરણ સેવે છે નીત્ય મુક્ત ઘણા.
રઘુનાથદાસ કહે છે તમે એમ કરો,
સ્વામીજીની ત્રીવડી રૂદીયે ધરો;

(પદ.–૩૭–મું.–રાગ–એજ.)

જીરે વૈકુંઠનાથને વીનવું,
શ્રી ગોપાલ સ્વામીજીનાં ચરિત્ર કહું;
એનાં ચરિત્ર અગમ અપાર,
પ્રીત કરી શરણે રહો.— ટેક.
નીર હેતુ કૃપા કરી અવતરીયા,
બંધ જીવનાં પાપ સર્વે ટાળ્યાં;
પંચમ ખંડ જેણે કીધો છે વાસ....પ્રીત કરી. (૧)
દ્રઢ પ્રીતેથી શરણે આવશે,
મહા દુઃખ આ ભવનાં મુકાવશો;
તે સારૂ જેણે લીધા અવતાર........પ્રીત કરી. (૨)
જે જે જીવ શરણે આવ્યા,
શાસ્ત્ર શોધી શુભ રસ્તો બતાવીયો;
સુલભ કર્યો રે જેણે મુક્તિ ઉપાય....પ્રીત કરી. (૩)
સ્વામી જે જે ગામમાં જાય છે,
દરશન દેખી સહુ શરણે થાય છે;

એવી મુર્તિ મનોહર મહારાજ.......પ્રીત કરી. (૪)
સ્વામી સાત્વીક રૂપ કહેવાય છે,
તેની થોડી દ્રષ્ટીએ અઘ જાય છે;
એવા સુલભ શ્રી ગુરૂરે ગોપાલ......પ્રીત કરી. (૫)
ચાર વેદ સાત્વીક પુરાણથી.
ઇતિહાસને શાસ્ત્ર પ્રમાણથી;
જેણે થાપ્યો રે શ્રી વૈશ્નવ ધર્મ....પ્રીત કરી. (૬)
વૈશ્નવ ધર્મ વ્યાસજીએ વર્ણવ્યો;
એકાદસ સ્કંધે કહ્યો અતી ઘણો;
એવા પ્રમાણ રે સૌ શાસ્ત્રમાં છે....પ્રીત કરી. (૭)
સત્ય ધર્મ થાપીત ગુરૂ જો મળે,
જન્મો જન્મનાં પ્રાચત તો હરે;
જીવ ઇશ્વર તેને સ્વરૂપ જણાય......પ્રીત કરી. (૮)
જીવ રૂપ અનન્ય દાસ છે,
જીવ રૂપના અનાદીના નાથ છે;
ભુલા ભેદરે તેને સંગે જણાય.......પ્રીત કરી. (૯)
સ્વામી રૂપ જણાય જગદીશનું,
ટળે માયા આવરણ જુદી પ્રીતનું;
શુદ્ધ રદયો ગુણ સાત્વીક થાય......પ્રીત કરી. (૧૦)
એવા ગુણ સ્વામી સબંધે થાય છે,
લક્ષ્મીવરનો મમુક્ષુ કહેવાય છે;
આમે અભય પદ અક્ષય ધામ.....પ્રીત કરી. (૧૧)
રઘુનાથદાસ કહે સત્ય છે,

થાય અનુભવરે શ્રીવરનો સદાય.

(પદ.-૩૮-મું.-રાગ-ધનાશ્રી)

કહે તું શોચ કરે દીન મન કાહેતું શોચ કરે.
માત, પીતા, બંધવ, કુલસ્વામી ઉત્તમ ધનહે તુમેરે,...દીનમન
શ્રીપતિ સ્વામી વત્સલ ગુણ ગ્રામી તાહે ક્યું ન સુમરે.
સ્વામી, પરાધિન સ્વરૂપ હિતારો જ્યું ફેરે ત્યાં ફરે....દીનમન
દુઃખ સાગરમેં રહી દિન રાતે હું કૃતનાથ હરે,
અતિતુ બિસારી કોમલતા ત્યારી જ્વલત ઉરસ્વાસભરે....દીનમન
સ્વામી દયાલુ દાસ નહીં ત્યાગે દૃઢ વ્રત બિરૂદ ધરે
રક્ષણ ચિંતવ્યર્થ મન રાખે શ્રીપતિ કરે સોસરે....દીનમન
સ્વામી સ્વભાવ કપોતસરાહે તું ચાતક વનચરે.
સકલ બંન્ધુસે સ્નેહ કરી તુમ વ્યર્થ કાહે થરથરે,—દીનમન
પ્રભુ માયાહિ દુર ત્યય જાની હારે ચરણ ન જોયરે
રઘુનાથકે વિને પ્રયાસે ભવદુઃખ સુખસેં તરે.........દીનમન

(પદ-૩૯-મું.-રાગ-એજ.)

નાંહિં આપની રીત સંતજન નાંહિ અપની રીત,
પેટ ભરનકુ સીધી દિખાવે છુટે હરિસે પ્રીત,-ટેક,
શ્રીપતિદાસ કહિકે સંપત હરને રખના ચીત
તૃષ્ણા જાલ ઘેરી મનડોલે નહિં બાનાં કિભિત....સંતજન.
ધન અંધનકા ઘેરૈ આંગનાં ચેહે અપના અનીત
કર્મજ્ઞાન અરૂ વીતરાગતા છુટ્યા ધ્યાન સહિત......સંતજન.
મૃગ તૃષ્ણાકિ વ્યર્થ આસતે વ્યાધિ ભરી અભીત.
રામ રંદેમેં આઇ બેસકે કહાસે હોંને સીત........સંતજન.

અવર આસક્રી બાસ વિસારી ગુરૂ સે રહો વિનિત,
રઘુનાથકી વિનય વીનતિ ચાહો અપનાહીત.........સંતજન.

(પદ-૪૦-મું-રાગ-એજ.)

દેખ્યા સુખતે અપાર હે રસીકમન દેખ્યા સુખતેં અપાર
બંધ મોક્ષ કા હેતુ તુમ હો તુમ હો સારાસાર.— ટેક.
તુમ, હમ, દોઉ મીલીક, રહેંજો ફેર નહિં રૂક સંસાર.
સુખ દુખ સાધન તુહી બરાબર સુંદર કરા વિચાર હે...રસીકમન.
કામ અનાદિ ભ્રમત બન્ધમેં એ સુખ ગયા ગમાર.
આવ, બેસ, હું, અંક હમારે દીલ ભર કરૂં પીયાર. હે...રસીકમન
રમાકાંતકી સેવા અમ્રત ભુલી હુવે ખુવાર.
મુખહી લગાઇ પ્રેમ રસ પીએ તૃપ્તી નહિં લગાર. હે...રસીકમન
નામ અન્ન ઔાર નામ જલ મેરે તાંબુલ કૃષ્ણ ઉદાર
લઘુ સુપ અરૂ પુષ્પ પેટિકા ગાડા નીધિહમાર હે......રસીકમન
જ્ઞાની પ્રાણહિ નામ હરિકો જ્ઞાની રસ ભંડાર
ભક્ત જનુકા વીરહ કલેશ ગ્લાની સુખ આકાર હે......રસીકમન
દુર્વાસા હરિ ભક્ત જનુકા પુરા કીયા બીગાર
ત્રાહી ત્રાહી ત્રીચરણ લોક ગયે પાય નહિં સત્કાર. હે...રસીકમન
અંબરીશ નીજ ભક્ત ગુણનકુ ગાયા વારંવાર
સાધુ પ્રાણ પ્રાણ સાધુનકા એકહી મનમેં ધાર હે...રસીકમન.
દારા ગાર પુત્ર પશુ સંપત ત્યાગ દીઆકર છાર
સંત જનનકુ કૈસે ત્યાગું. તેરા રક્ષણ હાર હે......રસીકમન.
દયા શીલતા નીજ ભક્તનમેં દેખી પારાવાર
રઘુનાથ સદગુરૂ કૃપાથી આયા ભવકી પાર હે......રસીકમન.

(પદ.-૪૧-મું-રહા એકેલા દાસ જગતમે એ-ઢબ.)

ગુરૂને મનુષ્ય તનુ જાને અજ્ઞ જન સો નહિં શાસ્ત્ર શયાને,
હરિ અવતાર ધરે પરિપુરણુ વિવિધ બોધ સમુજાવે;
કરગ્રહી શાસ્ત્ર મગ્ન જંતુન્હીત ભવતર નાવ બતાને. ... ૧
ગુરૂપર બ્રહ્મ ગુરૂપર સાધન ગુરૂ વિદ્યા ધનનાને,
સુલભ ગુરૂમેં પ્રેમ છોડીકે લગે સમાધી લગાને, અજ્ઞ જન... ૨
હસ્ત કલશ અમૃતકા ત્યાગી આસ મેઘ જલપાને,
પિતુ ધનકી આસ બિસારી ખોજત ધનકી ખાને. અજ્ઞ જન. ૩
ભાનું વિકાસ સહી કમલનકા, સબંધ જલકાચાતે;
જલ સબંધ રહીતકુ ભાનું, ઝટતી લગત સુખાને. અજ્ઞ જન. ૪
તેસે હરિ ગુરૂ ભક્તનકા લાગતે જ્ઞાન બઢાને,
ગુરૂ હીનકા જ્ઞાન બડાઇ કરત તુરતહિં, ગ્લાને. અજ્ઞ જન. ૫
દયા નિરંતર કરત જંતુમે દેખત રંક નરાને;
મુક બધિર ન પંગુ અંધકુ ખોજત મુક્તિ પઠાને. અજ્ઞ જન. ૬
રઘુનાથકી વિનય વિનતી ધરત ન કાહુ કાને,
ગુરૂનામ ગુણગાન કરે બીન વ્યર્થ લવતહી લવાને. અજ્ઞ જન. ૭

(પદ-૪૨-મું-મરનેસેં ક્યા ડરનાં જીયરા-એ ઢબ.)

ગુરૂ શીખ ઉર ધરનાં, સમુજી મન ગુરૂ શીખ ઉર ધરનાં,
ધીર કીસીસેં નહિ ડરનાં. ... ... —ટેક.
શ્રીપતિ ચરન રક્ષક આપનાં જાની જગતમેં બીચરનાં,
સ્વામી શરીર ચરાચર જાણી ધીર કીસીસે ન ડરનાં. ... ૧
પર દુઃખે દુઃખી, દુઃખીત નીરંતર હરિજન વાકુ સુમિરનાં;
પરોપકાર દ્રષ્ટ મન રાખી અહંકૃતી ચીત નહિં ધરનાં. ... ૨

ઉંચ નીચ પર ધન પર તિરીયા પર નીંદા પરી હરના;
કામ ક્રોધ, અરૂ લોભ લડાઈ શત્રુ જાણી થરથરનાં. ... ૩
સંગ સદા સાધુનકો રાખી માના માન વીસરનાં;
રઘુનાથકી વીનય વીનતી એહી હે ભવકા તરનાં. ... ૪

(પદ.–૪૩–મું–રાગ–ઉપર મુજબ.)

સદા કરો સતસંગ સાધુકા સદા કરો સતસંગ,
એહિ હે તીરથ ગંગ, સાધુકા સદા કરો સતસંગ;
કુમતિ ધુપાઈ સુમતિ દેકે કરે દુસરે રંગ,
જ્ઞાન ભક્તિકી બુટ્ટી પાઈ ધ્યાન કરાવે અભંગ. સાધુકા. ૧
શાસ્ત્ર જ્ઞાનમેં ક્લેશ બરાબર, ભ્રમત બુદ્ધિજ્યું ભ્રંગ;
ગુરૂ ઉપદેશ હરિ હિ બતાવે છુટે કર્મ અપંગ. સાધુકા. ૨
જો સુખસેં તુમ સ્વરૂપ આપનો ચાહો રાખો ઢંગ;
રઘુનાથ સદગુરૂ કૃપાસે હોવે જ્ઞાન અભંગ. સાધુકા. ૩

(પદ–૪૪–મું–રાગ–ઉપરનો.)

સદા રંગમે રાતે સંત જન સદા રંગમે રાતે,
ગુણ ગાતે ન અઘાતે.... ... સંત જન.—ટેક.
ગુણ અવગુણ નહિં દેખે કાહુકા હિત સબીહીકા ચહાતે;
જ્ઞાન, ભક્તિ અરૂ વિતરાગતા, અપનાં રંગ લગાતે. સંત જત ૧
જહાં સતસંગ તીર્થકી સેવા તહાં નીરંતર જાતે,
શ્રવણ, મનન, અરૂ નિદિધ્યાસના કરત નાહી અલસાતે સંત. ૨
હરિ ધ્યાનમેં ભક્તિ બઢાયા પ્રેમ હદયે ન સમાતે;
પુલકીત ગાત ભ્રાંત જ્યું ડોલે કબુ રોવે કબુ ગાતે. સંત જન. ૩
નીંદા કરે ધુળ શીર નાખે અજ્ઞજનો મદ માતે,

નહિં રાગ નહિં બૈર કાહુસે ડોલે ચીત ન ડગાતે. સંત જન. ૪
વિવિધ પ્રકાર રંગ માયાકા મુખસે કહીન કહાતે;
રઘુનાથકે ગુરૂ કૃપા બિન કહા જ્ઞાન નહિં આતે સંત જન. ૫

(પદ.-૪૫-મું-રાગ-એજ.)

ચલો હંસકી ચાલ મનવા ચલો હંસકી ચાલ,--ટેક.
સુણો ના મુર્ખ જનોકી ગાલ મનવા ચલો હંસકી ચાલ;
નીંદા સ્તુતિ દ્વેષ અરૂ પ્રીતી યે માયાકી ઝાલ,
એહિ ધ્રંસલા બચકે ચાલો હોવો જગમે નિહાલ.......મનવા. ૧
હરિગુણ ગણ મોતીનકુ ચુગત કાક ભક્ષ કયું ખ્યાલ;
હરિ ધ્યાન એક રહે નીરંતર છોડી બુદ્ધિ આળ બાલ....મનવા. ૨
નરકહી સૃષ્ટી નરક સંસારી જન્મ જન્મ બેહાલ;
જાની બુઝી તુમ ગીરી ગર્તમે કરત બચાવ નમાલ....મનવા. ૩
પંચ વિષય મૃગરાજ હનનકુ સદા ગ્રહીત અસિ ઢાલ;
કામ ક્રોધ મદ, લોભ, મોહસે કર પુરી તકરાર......મનવા. ૪
સારા સાર વીચાર વિવેકી રહના બુદ્ધિ વિશાલ;
રઘુનાથ માધુકર ભોજન પેરન વન કર છાલ........મનવા. ૫

(પદ-૪૬-મું-રાગ ઉપર મુજબ.)

શ્રી ભુતપુરીમે વીચરના સદા મન શ્રી યતિરાજ રૂપ ઉર ધરનાં-ટેક.
સકલ પ્રકાર આત્મકે બંન્ધુ સ્વરૂપ જાની અનુસરનાં,
તૃષ્ણા લાઇ સર્વ વીધ સેવા યાચિ યાચિ મન કરના.-શ્રી ભુતપુરી. ૧
મુખ્ય હુલ્લાસ સ્વામીકા રાખી વેરી માંન પરિહરનાં;
ધરત છત્ર અરૂ ચમર વ્યંજન, વીધી પાટ સંગ ફરનાં.— શ્રી. ૨
વિવિધ તટાક લલીત વન રાજી શોભીત અમૃત ઝરના

વીહાર સ્વામી સંગે સેવા કરત પ્રેમ મન ભરનાં.— શ્રી. ૩
દિવ્ય પ્રબંધ વેદ ધુની અમૃત નૃત્ય ગીત મન હરનાં;
જન હુલાસ પ્રેમ મદ વાણી સુણી સદા ચીત ધરનાં.— શ્રી. ૪
મૃદ પંકજ મુખ નિરખિ સ્વામીકા મન ટાળે નહિં ટરના.
કાલ અનાદી વિમુખ સંગતે ગયા સમરી ચિત ઝરનાં— શ્રી. ૫
ત્વરા છોડ વિશ્વાસ રહો મન શીર દીઆ, ફીર નહિં ડરનાં
રઘુનાથ વિશ્વાસિ જનનકુ ફલ સીધી જબમરનાં. ....શ્રી. ૬

(પદ–૪૭–મું–રાગ–ઉપર મુજબ)

કીને સુનાવો જ્ઞાન ઉદ્ધવ કીને સુનાવો જ્ઞાન.
જોગકા નહિં કરે અપમાન... ... ...ઉધવ. ૧
જબસે શ્યામ અહીંયાંસે બીછુરે, ગયે સંગ ચલકાન
મનકાવેગ ચક્ર; જ્યું ધાયા કરે કીસીસે ધ્યાન......ઉધવ. ૨
જોગ શાસ્ત્ર હમ ભલે વાંચતે ગયા બોલકા ભાન,
નેત્ર વિષય જો કૃષ્ણ રૂપકા કરના અમૃતપાન. . ...ઉધવ. ૩
કૃષ્ણ વીરહને સકલગોપીકા ડાલી દુઃખકી ખાન
વિલપત રોત નેત્ર ભરી જગમે નહિં કીસીસે છાન.......ઉ. ૪
ધીરજ રખી રહી નહિં ઉધવ પ્રથમ કરી પરીયાન
વનવન લતા કુંજસબ ઢુંઢી કાંહાં ગયે વ્રજ–પ્રાન.......ઉધવ. ૫
યોગ વિભુષણ ભુષી અંગમે પીલપત કરકર ગાન
આશા વ્યાધિ લગી ચીતડોલે નહી પાયાનીજ સ્થાન. ઉધવ. ૬
જીનકે કાજ ત્યજે હમ ઉધવ માત તાત સંતાન
દીન દયાળુ દયા નહિં કીની પલમે મરનાં જાન......ઉધવ. ૭
લાજ શર્મ અબ ગઇ આપતે ભીખત રંક સમાન
રઘુનાથનીજ દાસ ગોપીકા ચાહત દરશન દાન.........ઉધવ. ૮

(પદ-૪૮-મું રાગ-ઉપર મુજબ-)

શ્રીગોદા ગુણ ગાન નીરંતર (એ વાર)
પ્રાણનીજ ચરનકમલકા ધ્યાન નીરંતર. ... ...શ્રીગોદા૦ ૧
જ્યુ વત્સલા વત્સ હેત પર રહતી એક હિ ભાત
નીત્ય ભોગ સ્વામીકા ત્યાગી આયે જ્ઞાન બતાન—૧ શ્રીગોદા.
વિષ્ણુ ચીત સુરી નીજ સબંધ માતતાત કુલ જાન
જ્ઞાન, ભક્તિ અરૂ વિરાગતા જગમેં નહિં ઉપમાન......શ્રી. ૨
કબહુક રૂપધરી આપનાં વેંકટ સુંદર પ્રાન
ધીરજ લાજ તજી જ્યું બેલી હિતન સુનતી નીજ કાન...શ્રીગોદા. ૩
અંન્ધ સમાજ પુછેતોહી પુત્રી કબતેરા દુઃખ હાન.
ગોવર્ધન યમુના પુલિનાનિ નીત નંદ ગ્રહે પરિયાન....શ્રીગોદા. ૪
મનમે ધીર શોક દીખ ઉપર સખી લાગી સમજાન
ધીરજ ત્યાગી રહી કયું સજની હરિવ્રત ઉર નહિં જ્ઞાન. શ્રી. ૫
સુંદર સખી સુરી પ્રિય વસ્તુ યુક્તિત ભુલાયે, ચાન,
અબ પ્રાપ્ત શ્રાપક નહિં મેરા સુરી ચરણસેં આન......શ્રી. ૬
સુંદર ભુજ આઈ ધર મેરે એ તને દુગ્ધજો પાન.
રૂચીર ભોગમેં ધરૂં સેંકડે ફીર કરૂં નીજ દાન.........શ્રી. ૭
સ્વપ્ના આજ ભયા સુણ સજની ઘોડે હસ્તી વિમાન
નાને રથવાજા બહુ બાજે આઈ વિવાહન, જાન.........શ્રી. ૮
પાણી ગ્રહા પ્રેમસેં સુંદર મુખસે કહા બખાન
રઘુનાથનીજ રિતી બતાકે આઇ સકલ સમજાન. શ્રી. ગોદા. ૯

(પદ.-૪૯-મું.-રાગ-એજ)

કહાં ગયે વ્રજરાજ ઉદ્ધવ કહાં ગયે વ્રજરાજ,
છોડાયા જીનને બંધુ સમાજ... ... ... ઉધવ૦ ૧
માત તાત, ભ્રાતા, સુખ સંપત અબ નહિં કીનકા કાજ

ઝરતી છાતી ફટતી નહિં. ઉધવ વિલપતિ છોડી લાજ.
દીન નહિં ચેન રેન નહિં નીદ્રા વીપતી વીરહ ઉર દાઝ
કૈસે કરે જાય કહાં ઉધવ દુઃખ ડુબતી જ્યું જહાજ.......ઉધવ. ૨
સકલ બંધુ હમરે વ્રીજ નાયક ધારક અમૃત અનાજ
નીજ દાસીનકે કારણ ઉધવ અઇહેં ગરૂડ હી સાજ.........ઉધવ ૩
સુમરે મોહી સુમરૂંમેં તાહી બજે શાસ્ત્રમેં બાજ
રઘુનાથ વ્રજ જનકે વલ્લભ તોડે ન બાંધી પાજ.........ઉધવ. ૪

પદ.–૫૦–મું–રાગ–એજ.

હરિ નામ ધન હીરા જગમે, (૨) કરે કયું પરાઆશકી પીરા;
શબરી, ગીધ, અજામીલ ગણીકા ભયે નામસે અમીરા,
ગાવત શેષ મુલ નહિં પાયા નેતિ નેતિ કરે ગીરા......જગમે ૧
નામ પ્રતાપ વીષ હીં અમૃત કર પીઓ સાખિ હે મીરાં;
આસ પરાઇ તજી સંતજન વિચરહી ગુણ ગંભીરા......જગમે ૨
યહ સંપતી સુરીજન સેવે નીરખત નીત્ય અતૃપ્ત અધીરા;
અમી નામ રસ સર્વ સુગંધી બ્યાપક સર્વ ચરાચર તીરા...જગમે ૩
ચોર નહિં લુટે ખરચે ન ખુટે નીત, નીત, નવીન અમીરસ ઝીરા;
રઘુનાથ સદ્‌ગુરૂ બતાયા સેવત સો નર વીરા............જગમે ૪

(પદ–૫૧–મું–રાગ–એજ.)

શ્રીવરવર મુની સ્વામી સકલ ધન વરવર મુની સ્વામી;
રહી ક્યા ફેર તુમેં ખામી સકલ ધન૦— ટેક.
બંધવ, તાત, સખા, ગુરૂ વીદ્યા, વ્રત સુકૃત નામી,
ઉત્તમ જીવન નીજ શેષી નિધિ સર્વ અંતર્યામી.....સકલ ધન ૧
નીરખી ચરણુ આગે અરૂ પાછે ઉપરી સર્વ દીક ઘુમી ગામી;

દક્ષીણુ વામ શીર્ષ મુખ અંગે માનસ, કમલ વસ્તી પ્રણમામી...સકલ ૨
નીત્ય સ્નાન અમૃત સાગર મહુ કરત ભવામ્બુ તરામી;
સર્વો ઉજીવન જાતયતીશ્વર સદા રંગનીજ ધામી............સકલ ૩
યહ સબંધ તર્ક બીનુ માનસ રહે ક્રોધી અરૂ કામી,
રઘુનાથ સહુ મીત્રી સહાયો ચાહત શેષ ગુલામી........સકલ ૪

(પદ-પર-મું.-રાગ-એજ.)

હરિ નામ નહિં આતે કુમતી તોએ (૨) વ્યર્થ આયુ તું ગુમાતે;
અજામેર, ગજરાજ, દ્રૌપદી તરે નામ પ્રભુ ગાતે,
અંબરીશ પ્રલ્હાદ વીભીષણુ ગણીકા નામ પઢાતે.........કુમતી ૧
જ્યાં સતસંગ તીર્થ હરિ સેવા જાવત તહાં અલસાતે;
નાટક નૃત્ય વ્યર્થ પરિભાષણુ સુનતે કઝુન અધાતે.........કુમતી ૨
સકલ બંધુ શ્રીપતિ ગુણુ અમૃત ચડત વીષ તોએ પાતે;
નાસા વ્રૃક્ષ યહ વિષય વાસના તૃષ્ણા તોય ભ્રમાતે.........કુમતી ૩
એૌના શ્રવણુ શ્રજે પ્રભુ આગેં નહિં કીસીકા ન્હાતે;
પ્રભુ નામ ગુણુ અમૃત તીરથ ભાગ્યહીન નહિં નાતે.......કુમતી ૪
નીંબસે ભયા નીંબકા જંતુ સદા નીંબહી ખાતે;
રઘુનાથ સદગુરૂ જ્ઞાન બીન આયે મારગ જાતે............કુમતી ૫

(પદ-પ૩-મું.-મેં ભરોસે અપને રામકે-એ ઢબ)

મન કયું ન લજે કર પરકી આસ તોયે નાહી આવે પરલોક ત્રાસ,
સતસંગ તીર્થમે રહી નિરાશ.... ... ... ટેક.
તુમ રહો નીરંતર ભેખ રંગ તજી માન વૈરી મમતા કુસંગ;
સજી શાસ્ત્ર જ્ઞાન ગ્રહી સ્વરૂપ દાસ. ... ... મન. ૧
ક્ષીતી વિષદ રહી કયું શયન ભાર સહી હસ્ત સીદ્ધ ભુજ શીર આધાર;

દીયે પાગ હસ્ત નહિં તૃષ્ણા નાસ ... ... મન. ૨
ઋષિ વસ્ત્ર પેરી કિંદુકુલ ચીર ગીરે વસ્ત્ર લાભ મન ત્યજન ધીર;
ફળ યાચી યાચી કર વને વાસ. ... ... મન. ૩
કરી સરીત સ્નાન ગુહા વિશ્રામ, હરિ સ્વજન ત્યજે નહિં એહી ધ્યાન;
કવી જન ન માની કર સેવે પાસ ... ... મન. ૪
ગુરૂ ચરણુ સેવ મન રહે ઉલાસ, કહે વિનય વાણી રઘુનાથદાસ;
યહ સંત જનનકા હે વિલાસ. ... ... મન. ૫

પદ.–૫૪–મું–રાગ–આશાગોડી.

સકલ બંન્ધુ કહાં પાવું, માનસ સકલ બંન્ધુ કહાં પાવું.
તુમ કહો તહાં લગી જાઉં .. ...માનસ––ટેક.
સાગર, શૈલ, ગગન, સબ ઢુંઢે, વીલપી નામ હરિ ગાઉં;
આસા બ્યાધિ લગી ઉર દાઝે કવન હિં ભાતિ બુલાવું. માનસ. ૧
નીજ આત્મનકે ઉચીત અમીરસ જ્ઞાની પ્રાણુ મન ભાવું;
પદ્મ નયન હો પદ્મ પદ્મ નાભ હો પદ્મ પાદ શિરનાવું. માનસ. ૨
કૃત ઉપકાર હેતુ બીન તુમરા મુખસે કહા કહાવું;
આપહી પાલત, અજ્ઞ દશામે ફિર કહા વચન સુનાવું. માનસ. ૩
સકલ પ્રકાર સર્વ વીધ સેવા નીત નીત નવીન ઉચ્છાહ બઢાઉં;
રઘુનાથ નીજમાત પીતુકા દર્શન બીનહી ન સાવું. માનસ. ૪

પદ.–૫૫–મું–મેં ભરોસે અપને રામકે–એ ઢબ.

મન કાહોત ભુલાને ન ભુલો તુમ કાહે રીરત ફુલ્યો ફુલ્યો–મન કાહે.
નીજ સ્વામી શ્રી પતિકી સેવા છોડી રહે કયું પ્રતિકુલો;
અતિ દુર્લભ માનુષ તન પાકે જન્મ મરણુ કયું સહેશુલો.–મન કાહે. ૧
પ્રભુસેં રાગ વિરાગ આનસેં મેરા પદેદા એ મુલો:

મહત ચરન સેવન ગીન માનસ કરેં જગત કયા અનુકુલો. મન. ૨
ગુરૂ વાણી અમૃત સમ જાની કહું કપટ ત્યજકે ખુલો;
મોક્ષદ્વાર સેવા મહતનકી નાંરી સંગી સંગત હુલો. ... મન. ૩
ગુરૂ વચને વિશ્વાસ ત્યાગી કું શાસ્ત્ર જ્ઞાન હે સબ લુલો;
રઘુનાથ સતસંગ બરાબર ઓર સુખ નહિ તુલે તુલ્યો.... મન. ૪

પદ–પદ–મું–રાગ મરાઠી સાખી. (વધાય)

કેશવગૃહ શ્રી રામાનુજ પ્રગટે આદી શેષ અવતાર
જગ સુરી શીરોમણી સકલ વંદીત કાંતિમતિ સુકુમાર
આશ્રીત જનકે કલ્પવૃક્ષનીધી ભવદુઃખ તારણહાર
શેષ સ્વરૂપ સુલભ આશ્રીતને કર્યું વર વર અવતાર......કેશવ. ૧
સુગ્રીવ શરણ અર્થ મૃદુ વાણી મનહર કરત ઉચ્ચાર.
કાલ વિલંબે ક્રોધ ધરી પ્રભુ કર્યો ધનુષ ટંકાર.........કેશવ. ૨
શ્રવણા સંયોગે સર્વ સુખ માને નર્ક વિજોગેં અપાર
કેશવ પ્રાણ પ્રાણ કેશવના જલમીન વીયોગ વિચાર......કેશવ. ૩
શ્રીરામાનુજ નામ અમીરસ જાણી કરૂં છું પુકાર
પામર જીવ કરો નીત્ય સેવા નહિં કોઇ દુજો આધાર....કેશવ. ૪
વરદાચાર્ય આશ્રીત અતિ નિર્મલ જાણી કર્યો છે સ્વીકાર
ધનુરદાસના નીધી યતિપતી પદ વીદીત સકલ સંસાર......કેશવ. ૫
કલી કલુશ કમુતી મત હરતા વૈશ્નવ ધર્મ પ્રચાર
પ્રગટે યતિપતિ જન સુખદાયક ભાખે શ્રીકારી કુમાર.......કેશવ. ૬
રઘુનાથની વિનય વિનતિ સુણજો વારમવાર,
રામાનુજ પદ જે સુખ શોભે તે જીન વિરજાપાર........કેશવ. ૭

(પદ-૫૭-મું-રાગ-દેખ્યા રાજકુમાર સખીમેં દેખ્યા રાજકુમાર;-એ. ઢબ.)

વ્હાલા નંદકુમાર અમોને વ્હાલા નંદકુમાર;-ટેક.
બાંધવ ત્યાગો કલંક લાગો નીંદા કરો હજાર;— અમોને૦-૧
બાલ્યમાં પ્રિતી નથી અનીતી સુણુ નહિં કાન લગાર;—અમોને૦-૨
મણિમય મુરત શ્યામલી સુરત નેણુ મનો હરનાર;— અમોને૦-૩
મનો ગળે છે તનો બળે છે. મળવા થૈહું તૈયાર;— અમોને૦-૪
વદનીં શોભા શ્રીમન લોભા પુરૂષ દાસિ કરનાર;— અમોને૦-૫
નાસા મનોહર ભૃકુટિ મોહકર મોર પીંછ શિર ધાર;— અમોને૦-૬
શ્રી બંસીબટ ધીર સમીર ઘટ કર્યો કેશિ સંહાર;— અમોને૦-૭
ચીર ઘાટ તરૂણિ તરશિત ચિત મનહર કરત વિહાર;—અમોને૦-૮
ધન્ય કાલિમણી કદમ શિરોમણી સ્પર્શ પદો શિરધાર;—અમોને૦-૯
ગ્વાલ વંશિ રઘુનાથ ગ્વાલને સંગ રાખિ કરો પ્યાર;—અમો૦-૧૦

(પદ-૫૮-મું-રાગ-કાફી.)

દયા જુવો દયા જુવોરે દયાળુ પ્રભુનીં દયા જુવો દયા જુવોરે;
મનુષ્ય દેહીને દીધા ન્યારાં ન્યારાં કર્મો કીધાં;
નષ્ટોને શરણુમાં લીધાંરે;— દયાળુ પ્રભુનીં૦—૧
પોતાના પદમાં લેવા ગુરૂ આપ્યા પોતા જેવા,
બીજા દેવો નથિ તેવાંરે;— દયાળુ પ્રભુનીં૦—૨
વૈકુંઠના વાસી ત્યાગી દુખી સારૂ આવ્યા ભાગી,
ભીખણુ તાંદુલ જમ્યા માગીરે;— દયાળુ પ્રભુનીં૦—૩
આનંદ રૂપિ છે આપેં દુખિ દેહી જોયા તાપેં
કૃપાથી નીજ પદો આપેરે;— દયાળુ પ્રભુનીં૦—૪

કોશલપુરનાં વાસી જોયાં કર્મો ધર્મો કાંઈ ન જોયાં
કરે સ્પર્શિ પાપો ધોયાંરે;— દયાળુ પ્રભુની૦—૫
જીવો નહિં પણ જડો હતાં, રૂચી નહિં પણ વ્હાલેં ગે ત્યાં;
અમારા ક્યાંય પત્તા નોતારે;— દયાળુ પ્રભુની૦—૬
માતા જેમ બાલોને વાંસે, વ્હાલો વસે સદા પાસે;
ધન્ય જોયા છે, જે દાસેરે;— દયાળુ પ્રભુની૦—૭
રઘુનાથ હું અભાગી સ્વપ્ને પણ નવ જોયા જાગી,
શું થયું થયા વેરાગીરે;— દયાળુ પ્રભુની૦—૮

બોલો શ્રી વેંકટેશ ભગવાનકી જે.

દોહરો.

શ્રી રામાનુજ સ્વામીકી જે.
શ્રી સ્વામીજી બાપુની જે.

મુખ્ય ભુલનું શુદ્ધી પત્રક.

પૃષ્ટ.	પદ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૩	૮	તજે	ત્યજે
૩	૪	૧૩	સહુએના	સહુના
૪	૫	૧૩	પાલરે	આલરે
[illegible]	૬	૫	ભાવીરે	ધાવીરે
[illegible]	૬	૧૧	પળમાં ભક્તિમાં તો વાળેરે	પરમાં ભક્તિમાં ગાળેરે
૫	૬	૧૩	સમાધી	૦
૫	૭	૫	અપરે	અલ્પરે
૫	૮	૧	વેકટ	વેંકટ
૬	૮	૪	તેમાં	તેમ
૭	૧૦	૨	ભાગ્યહીત	ભાગ્યહિન
૮	૧૦	૧૦	વાઢ્યાં	વાટ્યાં
૮	૧૦	૨૬	ધોડીને	ધોડીને
૯	૧૧	૨૭	મળું	મરૂં
૯	૧૧	૨૩	રોંક્યાં કોઇનાં	રોક્યાં કેન
૯	૧૧	૨૫	કા	કાય
[illegible]	૧૩	૧૫	નોવિ, સબંધ	નૌવિધ સબંધ પ્રકાર
૧૧	૧૩	૧૮	ન કર્યાં દયાનાં કામ	ન ઠર્યાં દયાના ઠામ
૧૨	૧૩	૧૯	રજ ધામ	નિજ ધામ

પૃષ્ઠ	પદ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૨	૧૩	૨૦	સ્વીકારોરે	સ્વીકારેરે
૧૨	૧૪	૩	અમાર	અમારાં
૧૨	૧૪	૪	જીવતર	જીવતરનો
૧૨	૧૪	૬	વિરહ	ત્વરા
૧૨	૧૪	૧૧	તેવખતું પણ વિત્યુંરે	તે વખતે પણ નમુવારે
૧૩	૧૪	૧૪	મળીએરે	મરિએં રે
૧૪	૧૫	૧૫	સાયાણુ	માયાણુ
૧૪	૧૫	૨૨	રૂએ	રૂવે
૧૪	૧૫	૨૬	નામળ્યું	નમળ્યું
૧૫	૧૬	૧૩	ડહાપણમાં	રક્ષણમાં—(એમ-લીટી-ની શરૂવાતમાં જોયે)
૧૬	૧૭	૪	રંધ્ર	રંધ્રના
૧૬	૧૭	૮	સ્યાળોરે	સૃગાળોરે
૧૬	૧૮	૪	ભુલાયગઇ છે: તે એ લિટિ પડખે છાપી છે તે પ્રમાણે વાંચનરેં સુધારિ લેવિ	મધ્ય કાષ્ટ સ્થિરતા મતિ, સતસંગ હાથ-સુ ખાણુ; પાર સુ-ખેથિ જાસુંરે વ્યાપિ પ્રભુ સર્વમાં રેહ્યું; (સા૦) જ્ઞાન વિના ના ગુરૂ કરિ મોક્ષ પદોથી આશ,

(સુધાર્યાં પછીની લીટી.)

૧૭	૧૮	૧૦	સતસંગ મણુ	સતસંગમની

પુષ્ઠ	પદ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૭	૧૯	૨૦	રંદે	હે
૧૯	૨૦	૯	પુર્વથી પુર્વ ગુરૂની =	દિવ્ય આલવારની
૧૯	૨૦	૧૦	વરવું	વસવું
૧૯	૨૦	૧૧	શિર	ઉર
૧૯	૨૧	૨	સ્હાજો	ચાહને
૨૦	૨૧	૧૧	સ્વીકારી દયા	સ્વીકારી કાઇ દયા.
૨૦	૨૧	૨૦	શરની	શરિરની
૨૦	૨૧	૨૧	પરમાં જાઇ	રમાં જાય
૨૦	૨૨	૬	તમે	તયેં
૨૦	ટિપણુમાં		મ પણ	એમ પણ
૨૨	૨૩	૧૫	વેચા	વેશી
૨૨	૨૪	૬	સમય	•
૨૨	૨૪	૭	યારે	ત્યારે
૨૩	૨૪	૧૩	ખાસ	દાસ
૨૩	૨૪	૨૪	પ્રતિઆણી સઘળી =	સઘળી જાણી પ્રેમે.
૨૪	૨૬	૪	મતથીરે	માનથીરે
૨૫	૨૭	૨	સટિક	સ્ફટિક
૨૬	૨૯	૪	અજાત	અજીત
૨૬	૩૦	૩	હૈયે શ્રી	હૈયેથી
૨૭	૩૧	૨૨	ધામમાં માગીયા =	ધામમાં ગીયા.
૨૮	૩૧	૩૭	ખોલતા	બોલતા

શ્રીમતે રામાનુજાયનમ

જાહેર ખબર.

શ્રી ખરારિપુર (ખોરાસા) વાસી વેંકટનાથની

—શ્રીમત્ વેંકટરાય રત્નમાળા—

(૧૦૮) પદ વાળિ પુન્નરિ મુકુંદદાસજી લખે છે તે પ્રસંગ આવ્યે પ્રસિદ્ધ થશે, તેનું પ્રથમ નમુનાનું-૧-પદ નીચે લખ્યું છે;

(રાગ-રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે-એ ઢબ.)

પીતા વેંકટેશસરવે પ્રજાનારે દીઠા ખોરાસામાં મે મજાના-પીતા૦૧
ઉતારાનાં આપે છે મકાનોરે ખાવા મોકલે છે પકવાનોરે,
દાસોને એ માનેછે. મ્હેમાનો-પીતા વેંકટેશ સરવે પ્રજાન રે—૨
શંખ ચક્ર ઉપર એ કરેંછેરે ચરણ દેખાડી અભય કરેછેરે,
કૃપાદ્રષ્ટી પ્રપન્ન પર ઝરે છે— ... ... પીતા વેંકટેશ.
સુખશાંતિથી દર્શન દેછેરે શુદ્ધ સૌની આચારીજી લેછેરે.
ખાનપાન પાગરણ પ્રીતે દેછે-પીતા.૩
ઉત્સવોમાં સ્વારીઓ ચડેછેરે સેવાનાં સુખ વિવિધ જડેછેરે,
અધક્લેશ અહિં, ન, નડેછે— ... ... પીતા વેંકટેશ.૪
સ્વ ...ર રઘુનાથાચાર્યે છે આણ્યારે સેવાનાં સુખ સદ્ભાગી માણ્યારે,
મુકુંદે મતી મુજબ વખાણ્યા-પીતા વેંકટેશ.૫

વિજ્ઞપ્તી પત્ર.

ખોરાસી શ્રી વેંકટેશ ભગવાનના મંદિરમાં પુજારિ મુ॰ દે
રામાનુજદાસની પાસેથી નીચેનાં પુસ્તકો મળશે. સિનો-
મુલુશાળા સ્ટેશને થૈને ખોરાસા વેંકટેશ મંદીર;

નંબર.	નામ.	કીમત.
૧	શ્રીરઘુનાથાચાર્ય સ્વામીજીકૃત કાવ્યસંગ્રહ.	અમુલ્ય
૨	શ્રીઅનંત ઉપકાર આખ્યાન પુર્વરંગ સહિત.	અમુલ્ય
૩	શ્રીવેંકટેશજીની વડાય—પદ (૫૦) શ્રી અનંતપ્રસાદજી કૃત છે.	અમુલ્ય
૪	શ્રીદ્વારકાનાથજીના ગરબા તથા—મીરાંચરિત્ર	૦—૨—
૫	શ્રીરણછોડરાય રત્નમાળા, પદ (૧૧૧) છે.	૦—૪—
૬	શ્રીરઘુરાય રત્નમાળા. પદ (૧૧૧) છે.	૦—[illegible]
૭	શ્રીમેઘજીનાં મહાવાક્ય—૫૦૦—દોહાને—૫૦—કવિત છે.	૦—૪—૦
૮	શ્રી સંતપ્રભાવ—ગુ૦—ટિકા સહિત—૮ પ્રકરણ છે.	૦—૨—૦
૯	શ્રીસંતોષ સુરતરૂ—ગુ૦—ટિકા સહિત—૧૧૧—શ્લોક છે.	૦—૨—૦
૧૦	શ્રીરામરક્ષાનું ગુજરાતિ ગાન તથા પ્રભાતિયો—૧૩—છે.	૦—૧—૦
૧૧	શ્રીપવિત્ર પત્રીકા—અધ્યાત્મજ્ઞાન પ્રશ્નોત્તરમાં છે....	૦—૦॥—૦

આ પુસ્તકોના પૈસાનો ઉપયોગ પાછાં આવાં પુસ્તકો છપાવવામાં થાય છે; અને ઘણા પુસ્તકો મફત પણ જાય છે, પરંતુ અમોને છપાવવામાં મોટિ રકમનું ખર્ચ થાય છે ત્યારે છપાય છે, માટે કીમત લેવી પડે છે પરંતુ જે પુસ્તકો ઉદાર સજ્જનોના આશ્રયથી છપાય છે તેની કીમત મુકેલ નથી અને જે પ્રેમથી આપે છે તે પવિત્ર પુસ્તકો છપાવવામાં વપરાય છે;

પુસ્તકો મળવાનું ઠેકાણું. (જીલ્લો કાઠીયાવાડ)

સુલુશાળા સ્ટેશને થૈને ખોરાસા શ્રીવેંકટેશના મંદીરમાં પુજારી.

મેઘજી લાલજી (દેઈ) મુકુંદરામાનુજદાસજી. બસ એજ.